Shree Somnath Sanskrit University
(Estd. by Government of Gujarat)
Rajendra Bhuvan Road, **Veraval - 362 266.** District : Gir-Somnath (Gujarat)
Phone : 02876 - 244532 Fax : 02876 - 244417, E-mail : sssu.veraval@gmail.com
Website : www.sssu.ac.in

Ref. No.

Date :

# Certificate

This is to certify that the Eligibility Criteria prescribed for admission in all Diploma courses run by Shree Somnath Sanskrit University- Veraval is standard 12th (10+2) or equivalent qualified.

Moreover, as per the prescribed Criteria those students who study in Shastri (B.A.), Acharya (M.A.), Tattvacharya (M.Phil), Ph.D. can take along with admission in the University recognized Diploma courses and join the same.

This certificate is issued on the basis of the verification from records.

Registrar

Registrar
Shree somnath Sanskrit University
Veraval,Dist.Gir Somnath (Gujarat)

# श्री सोमनाथ संस्कृत युनिवर्सिटी, वेरावल

## दिनांक १०/१०/२००७ की सलाहकार समिति की कार्यसूची

श्री सोमनाथ संस्कृत युनिवर्सिटी की सलाहकार समिति महानुभावों की एक बैठक दिनांक १०/१०/२००७ के दिन युनिवर्सिटी के गांधीनगर स्थित कार्यालय पर आयोजित की गई, जिसका विवरण निम्न अनुसार है।

बैठकमें उपस्थित महानुभाव

१ मान. श्री पंकज एल. जानी - कुलपतिश्री, श्री सोमनाथ संस्कृत युनिवर्सिटी

२ डॉ. राजेन्द्र नाणावटी

३ डॉ. ज्योन्द्रभाई दवे

४ डॉ. आर. पी. महेता

५ डॉ. जयप्रकाश एन. द्विवेदी

६ प्रि. श्री गिरीशभाई ठाकर

७ प्रा.श्री कृष्णप्रसाद निरौला

८ डॉ. नरेन्द्रभाई पण्डया

९ डॉ. एन. एम. कंसारा

१० डॉ. जी. के. जोशी - कुलसचिव

११ डॉ. आर. एन. काथड - नायब कुलसचिव

3. स्वनिर्भर संशोधन संस्था, अभ्यासकेन्द्र और संस्कृत कालेज प्रारम्भ करने के नियमों की सघन चर्चा विचारणाके अंत में आखिरी स्वरूप देकर अनुमति दी गई।

Registrar
Shree somnath Sanskrit University
Veraval,Dist.Gir Somnath (Gujarat)

# તા.૧૦/૧૦/૨૦૦૭ની સલાહકાર સમિતિની કાર્યનોંધ

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીની સલાહકાર સમિતિના મહાનુભાવોની એક બેઠક તા.૧૦/૧૦/૨૦૦૭ ના રોજ યુનિવર્સિટીના ગાંધીનગર સ્થિત કાર્યાલય ખાતે યોજાઈ ગઈ. જેની કાર્યવાહી નોંધ નીચે પ્રમાણે છે

બેઠકમાં ઉપસ્થિત મહાનુભાવોઃ—

(૧) માન. શ્રી પંકજ એલ.જાની (કુલપતિશ્રી)
(૨) ડો.રાજેન્દ્ર નાણાવટી
(૩) ડો.જયોતિન્દ્રભાઈ દવે
(૪) ડો.આર.પી.મહેતા
(૫) ડો.જયપ્રકાશ એન.દ્વિવેદી
(૬) પ્રિ.શ્રી ગિરીશભાઈ ઠાકર
(૭) પ્રા.શ્રી કૃષ્ણપ્રસાદ નિરૌલા
(૮) ડો.નરેન્દ્રભાઈ પંડયા
(૯) ડો.એન.એમ.કંસારા
(૧૦) ડો.જી.કે.જોશી (કુલસચિવ)
(૧૧) ડો.આર.એન.કાથડ (નાયબ કુલસચિવ)

સૌ પ્રથમ માનનીય કુલપતિશ્રી દ્વારા સર્વે મહાનુભાવોનું સ્વાગત કરી અભિવાદન કરવામાં આવ્યું. અગાઉની તા.૧૬/૦૭/૨૦૦૭ની બેઠકમાં નિર્ણય મુજબની કામગિરી ચર્ચા વિચારણાને અંતે નીચે પ્રમાણે નિર્ણયો કરવામાં આવ્યા.

૦૧. પીએચ.ડી.નાં તૈયાર કરવામાં આવેલ નિયમોને બહાલી આપવામાં આવી.

૦૨. હાલ યુનિવર્સિટી ખાતે શૈક્ષણિક સ્ટાફની ભરતી પ્રક્રિયા ચાલી રહી છે એ બાબતને ધ્યાને રાખી અન્ય યુનિવર્સિટીઓના સંસ્કૃત વિષયના પીએચ.ડી.ના માન્ય માર્ગદર્શકશ્રીઓને યુનિવર્સિટીના પીએચ.ડી.માર્ગદર્શક તરીકેની માન્યતા આપવા ઠરાવ કરવામાં આવેલ. સમિતિમા એ પણ ઠરાવવામાં આવેલ કે માર્ગદર્શન આપનાર મહાનુભાવોને આ અભ્યાસક્રમ સંબંધી કામગિરી માટે મુસાફરી ભાડા ભથ્થા યુનિવર્સિટી દ્વારા ચૂકવવામાં આવશે.

૦૩. સ્વનિર્ભર સંશોધન સંસ્થા, અભ્યાસકેન્દ્ર અને સંસ્કૃત કોલેજ શરૂ કરવા માટેના નિયમો સઘન ચર્ચા વિચારણાને અંતે આખરી સ્વરૂપ આપી બહાલી આપવામાં આવી.

૦૪. એકઝીકયુટીવ અને એકેડેમીક કાઉન્સીલને કાર્યાન્વિત કરવા માટે કાર્યપદ્ધતિ નકકી કરવા તૈયાર કરવામાં આવેલા નિયમોને આગામી બેઠકમાં આખરી સ્વરૂપ આપવા નિર્ણય કરવામાં આવેલ.

૦૫. યુનિવર્સિટી ભવનોની શૈક્ષણિક જગ્યાઓની ભરતીના ઈન્ટરવ્યુ માટે મહામહિમ રાજયપાલશ્રી અને કુલાધિપતિશ્રી તરફથી નામની યાદી પ્રાપ્ત થાય ત્યાર બાદ સમિતિનું ગઠન કરવા ઠરાવેલ છે.

Registrar
Shree somnath Sanskrit University
Veraval,Dist.Gir Somnath (Gujarat)

૦૬. યુનિવર્સિટીમાં હાલ જે પુસ્તકો, સંદર્ભગ્રંથો, ડિક્ષનરીઓ વગેરે ખરીદવામાં આવેલ છે તેની સંપૂર્ણ યાદી તૈયાર કરવામાં આવેલ છે. જે સમિતિના મહાનુભાવોને આપવામાં આવેલ મહાનુભાવો દ્વારા ઠરાવવામાં આવેલ કે આગામી બેઠકમાં નવી યાદી તૈયાર કરવામાં આવશે. હાલ પુસ્તકો ખરીદવા વહીવટી પ્રક્રિયા કરવી અને જે પુસ્તકોની યાદી તૈયાર થયેલ છે તે પુસ્તકો ખરીદ કરવા. સંસ્કૃત ઉપરાંત અન્ય વિષયો,ઈત્તર વાંચનના પુસ્તકો, સંશોધનમાં મદદરૂપ થાય તેવા સંદર્ભગ્રંથો,ડિક્ષનરીઓ વગેરે પુસ્તકો ખરીદ કરવા ઠરાવવામાં આવેલ આ માટે વિવિધ વિષય નિષ્ણાંતો અને સિનીયર અધ્યાપકશ્રીઓની મદદ લેવી.

૦૭. મંદિર વ્યવસ્થાપન, કર્મકાંડ, પૌરોહિત્ય, જ્યોતિષ, વગેરે ડિપ્લોમા અને પ્રમાણપત્રીય અભ્યાસક્રમો વિવિધ કોલેજો, સંસ્થાઓમાં શરૂ કરવા બહાલી આપવામાં આવેલ.

૦૮. મંજુર થયેલ જે જગ્યાઓ ભરવાની બાકી છે/ખાલી છે તે જગ્યાઓની ભરતી કરવા માટે જાહેરાત આપી કાર્યવાહી કરવા ઠરાવવામાં આવેલ.

૦૯. નોકરી કરતા ઉમેદવારો તેમજ નિયમિત કોલેજે ન જઈ શકે તેવા ઉમેદવારોને ઉચ્ચ અભ્યાસ કરવાની તક મળે તે બાબતને ધ્યાને રાખી બાહ્ય પરીક્ષાનું આયોજન કરવા ઠરાવવામાં આવેલ પરંતુ આ કારણે નિયમિત કોલેજોમાં વિદ્યાર્થીઓની સંખ્યાની વિપરીત અસર ન થાય તે માટે ઓછામાં ઓછો ધોરણ–૧૨ અથવા શાસ્ત્રી (સ્નાતક)અભ્યાસ પછી એક વર્ષનો અવકાશ હોવો જરૂરી છે. એવા ઉમેદવારો જ શાસ્ત્રી પ્રથમ વર્ષ અથવા આચાર્ય પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવી શકશે જો ઉમેદવાર શૈક્ષણિક સંસ્થા, સરકારી, અર્ધસરકારી, અથવા સરકારની ગ્રાન્ટ લેતી સંસ્થામાં નોકરી કરતા હોય તેવા ઉમેદવારોને ધોરણ–૧૨ અથવા શાસ્ત્રી પછી એક વર્ષનો અવકાશ ન હોય તો પણ તેઓ અનુક્રમે શાસ્ત્રી પ્રથમ વર્ષ અને આચાર્ય પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવી શકશે એવુ ઠરાવવામાં આવેલ.

૧૦. યુવક મહોત્સવ અંતર્ગત રાજ્ય કક્ષાની સંસ્કૃત સ્પર્ધાઓ યુનિવર્સિટી અને સંસ્કૃત અકાદમી ગાંધીનગરના સંયુકત ઉપક્રમે આયોજન કરવા અને રમતગમતની સ્પર્ધાઓનું આયોજન કરવાની બાબતને બહાલી આપવામાં આવેલ.

૧૧. યુનિવર્સિટીનું પ્રકાશન કાર્ય શરૂ થાય, અધ્યાપકોમા લેખન કૌશલ્યનો વિકાસ થાય, વિદ્યાર્થીઓને યોગ્ય માર્ગદર્શન અને સાહિત્ય ઉપલબ્ધ થાય એ ઉદ્દેશ્યને ધ્યાનમાં રાખીને શાસ્ત્રી, આચાર્ય, ડિપ્લોમા અભ્યાસક્રમના દરેક પેપરના અધ્યયન સાહિત્ય(સ્ટડી મટીરીયલ) અધ્યાપકોને પારિતોષિક આપી તૈયાર કરાવવા ઠરાવવામાં આવેલ.

૧૨. યુનિવર્સિટી માટે કાયદાકીય સેવાઓ મેળવવી ખૂબજ જરૂરી છે આ માટે વેરાવળ અથવા જૂનાગઢથી આ પ્રકારની કામગિરીનો અનુભવ ધરાવતા કાયદાના નિષ્ણાંતની સેવાઓ મેળવવા ઠરાવવામાં આવેલ.

૧૩. યુનિવર્સિટીનાં અભ્યાસક્રમો માટે પ્રાપ્ત થયેલ સૂચનો અંગે અને અભ્યાસક્રમ પ્રકાશિત કરવા બાબતે આગામી બેઠકમાં ચર્ચા વિચારણા કરવા ઠરાવવામાં આવેલ છે.

Registrar
Shree somnath Sanskrit University
Veraval,Dist.Gir Somnath (Gujarat)

કુલસચિવ

## श्री सोमनाथ संस्कृत युनिवर्सिटी, वेरावल

### नया स्वनिर्भर प्रमाणपत्रीय / डिप्लोमा (पदविका) अभ्यासक्रम प्रारम्भ करने के लिए

### मार्गदर्शक सूचनाएँ (२००७)

उच्चशिक्षण प्राप्त करते हुए तथा कक्षा -१२ वी उत्तीर्ण किसी भी विद्याशाखा के विद्यार्थी डिप्लोमा (पदविका) अभ्यासक्रममें सम्मिलित हो सकेंगे। कक्षा -१० उत्तीर्ण विद्यार्थी उसके अभ्यासक्रम के साथ प्रमाणपत्रीय अभ्यासक्रममें भी सम्मिलित हो सकेंगे। इन अभ्यासक्रमों का समय अनुकूलता के अनुसार अथवा साम के समय चलाए जा सकतें हैं। इसके लिए युनिवर्सिटी की मंजूरी लेनी होगी।

Registrar
Shree somnath Sanskrit University
Veraval,Dist.Gir Somnath (Gujarat)

श्रीसोमनाथसंस्कृतविश्वविद्यालय, वेरावल नई स्वनिर्भर प्रमाणपत्रीय / डिप्लोमा (पदविका) अभ्यासकी आवश्यक मार्गदर्शक सूचनाएँ ।

१. डिप्लोमा अभ्यासक्रम का विवरण/प्रवेश की योग्यता और समय अवधि निम्न अनुसार है ।

| संख्या | अभ्यासक्रम का नाम | समयावधि | प्रवेश योग्यता |
|---|---|---|---|
| १ | प्रमाणपत्रीय संस्कृत संभाषण | ६ मास/महिना | कक्षा-१० उत्तीर्ण |
| २ | प्रमाणपत्रीय योग | ६ मास/महिना | कक्षा-१० उत्तीर्ण |
| ३ | प्रमाणपत्रीय वैदिक गणित | ६ मास/महिना | कक्षा -१२ उत्तीर्ण |
| ४ | प्रमाणपत्रीय संगीत | १ साल | कक्षा -१२ उत्तीर्ण |
| ५ | पदविका मन्दिर व्यवस्थापन | १ साल | कक्षा -१२ उत्तीर्ण |
| ६ | पदविका कर्मकान्ड | १ साल | कक्षा -१२ उत्तीर्ण |
| ७ | पदविका ज्योतिष | १ साल | कक्षा -१२ उत्तीर्ण |
| ८ | पदविका वास्तु शास्त्र | १ साल | कक्षा -१२ उत्तीर्ण |
| ९ | पदविका योग | १ साल | कक्षा -१२ उत्तीर्ण |
| १० | पदविका वैदिक गणित | १ साल | कक्षा -१२ उत्तीर्ण |
| ११ | पदविका संगीत | ३ साल | कक्षा -१२ उत्तीर्ण |
| १२ | पदविका इन संस्कृत टीचींग | १ साल | कक्षा -१२ उत्तीर्ण |

१७. उच्चशिक्षा प्राप्त तथा कक्षा-१२ उत्तीर्ण कोई भी विद्याशाखा के विद्यार्थी पदविका (डिप्लोमा) अभ्यासक्रम में सम्मिलित हो सकेंगे कक्षा-१० उत्तीर्ण विद्यार्थी उनके अभ्यासक्रम के साथ प्रमाणत्रीय अभ्यासक्रम में भी सम्मिलित हो सकेंगे ।

२० कोई भी विद्यार्थी स्नातक / अनुस्नातक अभ्यासक्रम करते हुए पदविका / प्रमाणपत्रीय अभ्यासक्रम कर सकेंगे तथा एक साथ दो पदविका / प्रमाणपत्रीय अभ्यासक्रम एक वर्ष में नहीं कर शकेंगे ।

Registrar
Shree somnath Sanskrit University
Veraval,Dist.Gir Somnath (Gujarat)

# શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ
## નવી સ્વનિર્ભર પ્રમાણપત્રીય / ડિપ્લોમા (પદવિકા) અભ્યાસની જરૂરી માર્ગદર્શક સૂચનાઓ

---

૧. ડિપ્લોમા અભ્યાસક્રમની વિગત, પ્રવેશની લાયકાત તથા તેમની સમય મર્યાદા નીચે મુજબ છે.

| ક્રમ | અભ્યાસક્રમનું નામ | સમયગાળો | પ્રવેશ અંગેની લાયકાત |
|---|---|---|---|
| (૧) | પ્રમાણપત્રીય સંસ્કૃત સંભાષણ | ૬ માસ | ધોરણ–૧૦પાસ |
| (૨) | પ્રમાણપત્રીય યોગ | ૬ માસ | " " |
| (૩) | પ્રમાણપત્રીય વૈદિક ગણિત | ૬ માસ | ધોરણ–૧૨ પાસ |
| (૪) | પ્રમાણપત્રીય સંગીત | ૧ વર્ષ | ધોરણ–૧૨ પાસ |
| (૫) | પદવિકા મંદિર વ્યવસ્થાપન | ૧ વર્ષ | ધોરણ–૧૨પાસ |
| (૬) | પદવિકા કર્મકાંડ | ૧ વષ | " " |
| (૭) | પદવિકા જ્યોતિષ | ૧ વર્ષ | " " |
| (૮) | પદવિકા વાસ્તુ શાસ્ત્ર | ૧ વર્ષ | " " |
| (૯) | પદવિકા યોગ | ૧ વર્ષ | " " |
| (૧૦) | પદવિકા વૈદિક ગણિત | ૧ વર્ષ | " " |
| (૧૧) | પદવિકા સંગીત | ૩ વર્ષ | " " |
| (૧૨) | પદવિકા ઈન સંસ્કૃત ટીચીંગ | ૧ વર્ષ | " " |

૨. તમામ પદવિકા તથા પ્રમાણપત્રીય અભ્યાસક્રમ માટે વિદ્યાર્થીએ ૨૦ કલાકની સંસ્કૃત સંભાષણની તાલીમ લેવાની રહેશે. (પ્રમાણપત્રીય સંસ્કૃત સંભાષણ અભ્યાસક્રમને બાદ કરતાં)

૩. સંસ્કૃત સંલગ્ન તમામ પદવિકા તથા પ્રમાણપત્રીય અભ્યાસક્રમ ભણાવવા માટે મુલાકાતી અધ્યાપકશ્રીને બોલાવી અધ્યાપન કરાવવાનું રહેશે. તેમજ તેમનું માધ્યમ સંસ્કૃત રહેશે. મંદિર વ્યવસ્થાપન અભ્યાસક્રમમાં કોમ્પ્યૂટર તથા અંગ્રેજી વિષયમાં જે તે વિષયને લગતું માધ્યમ રહેશે. તેમજ વૈદિક ગણિત અભ્યાસક્રમમાં હિન્દી માધ્યમ રહેશે. યોગ અભ્યાસક્રમમાં ગુજરાતી તથા હિન્દી માધ્યમ રહેશે.

૪. તમામ અભ્યાસક્રમનાં પ્રશ્નપત્રોની ઉત્તરની ભાષા ગુજરાતી/હિન્દી/સંસ્કૃત/અંગ્રેજી રહેશે.

૫. પ્રમાણપત્રીય અભ્યાસક્રમ તથા પદવિકા અભ્યાસક્રમમાં એક પેપર દીઠ સંસ્થાએ ૪૦ કલાકનું અધ્યાપન કરાવવાનું રહેશે.

૬. પદવિકા તથા પ્રમાણપત્રીય અભ્યાસક્રમમાં ભણાવવા માટે અધ્યાપકશ્રીઓની લાયકાત નીચે મુજબ રહેશે.

Registrar
Shree somnath Sanskrit University
Veraval,Dist.Gir Somnath (Gujarat)

(૧) **પ્રમાણપત્રીય/પદવિકા યોગ :–**

એમ.એ.યોગ (૫૫ % સાથે) અથવા એમ.એ.(કોઈપણ વિષયમાં) સાથે ડિપ્લોમા ઈન યોગ કરેલ હોવા જોઈએ તથા શિક્ષક તરીકે ફરજ બજાવતાં હોવા જોઈએ.

(૨) **પદવિકા મંદિર વ્યવસ્થાપન :–**

કમ્પ્યૂટર વિષય માટે બી.સી.એ., અંગ્રેજી વિષય માટે એમ.એ.અંગ્રેજી,મેનેજમેન્ટ માટે કોમર્સ વિષય સાથે અનુસ્નાતક, કાયદાનાં વિષયમાટે એલ.એલ.બી. તથા બાકી રહેતાં વિષય માટે આચાર્ય/સંસ્કૃત વિષય સાથે એમ.એ. સાથે શિક્ષક તરીકે ફરજ બજાવતાં હોવા જોઈએ.

(૩) **પદવિકા જયોતિષ/વાસ્તુશાસ્ત્ર :–**

જયોતિષ/વાસ્તુશાસ્ત્ર સાથે આચાર્ય કરેલ હોવુ જોઈએ અથવા આચાર્ય / સંસ્કૃત વિષય સ[illegible] એમ.એ. અને જે તે વિષયનાં ડિપ્લોમા કરેલા હોવા જોઈએ.

(૪) **પદવિકા કર્મકાંડ :–**

આચાર્ય કક્ષા સાથે ડિપ્લોમા ઈન કર્મકાંડ કરેલા હોવા જોઈએ અથવા આચાર્ય થયા બાદ પાંચ વર્ષથી પરંપરાગત વેદ/કર્મકાંડનું જ્ઞાન ધરાવતા હોવા જોઈએ.

(૫) **પ્રમાણપત્રીય સંસ્કૃત સંભાષણ :–**

એમ.એ.સંસ્કૃત અથવા આચાર્ય કક્ષા સાથે સંસ્કૃતનું કૌશલ્ય હોવું જોઈએ.

(૬) **પ્રમાણપત્રીય/પદવિકા વૈદિક ગણિત :–**

કોઈપણ વિષયમાં સ્નાતક/અનુસ્નાતક હોવા જોઈએ તેમજ શિક્ષક તરીકે ફરજ બજાવતાં હ[illegible] જોઈએ સાથે સાથે વૈદિક ગણિતની કાર્યશાળા કરેલ હોય અથવા તે વિષયનું પ્રશિક્ષણ મેળવેલ હોય.

(૭) **પદવિકા સંસ્કૃત ટીચીંગ :–**

આચાર્ય અને શિક્ષા–શાસ્ત્રી કરેલાં હોવા જોઈએ અથવા એમ.એ.અને બી.એડ્.(સંસ્કૃત મેથડ સાથે)કરેલા હોવા જોઈએ તેમજ શિક્ષક તરીકે ફરજ બજાવતાં હોવા જોઈએ.

(૮) **પ્રમાણપત્રીય/પદવિકા સંગીત :–**

ત્રણ વર્ષિય પદવિકા અભ્યાસક્રમ માટે માસ્ટર ઈન મ્યુઝીક અથવા સંગીત અલંકારની પદવી હોવી જોઈએ. એક વર્ષિય પ્રમાણપત્રીય અભ્યાસક્રમ માટે બેચલર ઈન મ્યુઝીક અથવા સંગીત વિશારદની પદવી હોવી જોઈએ.

Registrar
Shree somnath Sanskrit University
Veraval,Dist.Gir Somnath (Gujarat)

૭. તમામ અભ્યાસક્રમની ફીનું ધોરણ નીચે મુજબ રહેશે.

(૧) પ્રમાણપત્રીય અભ્યાસક્રમમાં સંસ્થાએ વિદ્યાર્થી પાસેથી રૂ.૧૨૦૦/– લેવાનાં રહેશે જેમાંથી યુનિવર્સિટીમાં જયારે વિદ્યાર્થીનાં પ્રવેશ ફોર્મ મોકલવામાં આવે ત્યારે સંસ્થાએ એક વિદ્યાર્થી દીઠ રૂ.૪૦૦/–જમા કરાવવાનાં રહેશે જેમાં પ્રવેશથી લઈ પરીક્ષા સુધી તમામ ફીનો સમાવેશ કરવામાં આવેલ છે.

(૨) પદવિકા અભ્યાસક્રમમાં સંસ્થાએ વિદ્યાર્થી પાસેથી રૂ.૨૦૦૦/– લેવાનાં રહેશે જેમાંથી યુનિવર્સિટીમાં જયારે વિદ્યાર્થીનાં પ્રવેશ ફોર્મ મોકલવામાં આવે ત્યારે સંસ્થાએ એક વિદ્યાર્થી દીઠ રૂ.૬૦૦/–જમા કરાવવાનાં રહેશે જેમાં પ્રવેશથી લઈ પરીક્ષા સુધી ફીનો સમાવેશ કરવામાં આવેલ છે.

(૩) યુનિવર્સિટીનાં પ્રોફેસર અભ્યાસક્રમમાં શિક્ષણ આપતા હોઈ યુનિવર્સિટી કેમ્પસ પર ચાલતા અભ્યાસક્રમમાં વિદ્યાર્થીઓએ પ્રમાણપત્રીય અભ્યાસક્રમ માટે રૂ.૪૦૦/–તથા પદવિકા માટે રૂ.૬૦૦/– ફી ભરવાની રહેશે.

ઉપરોકત તમામ ફી સંસ્થાએ યુનિવર્સિટીએ નકકી કરેલ ચલણથી ભરવાની રહેશે.

૮. **વિદ્યાર્થીની સંખ્યા :–**

ઓછામાં ઓછા જે તે અભ્યાસક્રમ દીઠ ૭ (સાત) વિદ્યાર્થીની સંખ્યા જરૂરી છે. જે અભ્યાસક્રમમાં ૭ **(સાત)**વિદ્યાર્થીની સંખ્યા થી ઓછી સંખ્યા હશે તે અભ્યાસક્રમ જે તે કેન્દ્ર ચલાવી શકશે નહી તેમજ યુનિવર્સિટી પર તે અભ્યાસક્રમનાં ફોર્મ સ્વીકારવામાં આવશે નહીં. તેમજ જે અભ્યાસક્રમમાં ૭ **(સાત)**થી ઓછા વિદ્યાર્થી હશે તે અભ્યાસક્રમ ચલાવવાની માન્યતા આપવામાં આવશે નહી.

૯. **મહત્તમ ગાળો :–**

વિદ્યાર્થી જયારે પ્રવેશ મેળવે તે વર્ષની પરીક્ષા આપ્યા બાદ પ્રમાણપત્રીય તથા પદવિકા પરીક્ષા આપવા માટે મહત્તમ ૨ વર્ષ આપવામાં આવશે. તે દરમ્યાન તેમણે પરીક્ષા પાસ કરવાની રહેશે. જો આ સમયગાળા દરમ્યાન તે પરીક્ષા પાસ નહીં કરે તો તેમનો પ્રવેશ રદ કરવામાં આવશે.

૧૦. સંસ્થાએ અભ્યાસ કરાવવા આવતાં મુલાકાતી અધ્યાપકશ્રીઓને એક વ્યાખ્યાનનાં (૧ કલાકનાં) રૂ.૧૫૦/–ચૂકવવાનાં રહેશે.

૧૧. આ અભ્યાસક્રમોનું સંચાલન મંજૂરી પ્રાપ્ત સંસ્થા કરશે અને યુનિવર્સિટીએ નકકી કરેલ અભ્યાસક્રમ નિયમાનુસાર શીખવશે. તેના વિદ્યાર્થીઓની પરીક્ષા યુનિવર્સિટી દ્વારા લેવામાં આવશે અને પ્રમાણપત્ર પણ યુનિવર્સિટી દ્વારા આપવામાં આવશે.

Registrar
Shree somnath Sanskrit University
Veraval,Dist.Gir Somnath (Gujarat)

૧૨. અભ્યાસક્રમના શિક્ષણ / પ્રશિક્ષણ માટે શિક્ષક / પ્રશિક્ષકની વ્યવસ્થા સંસ્થાએ કરવાની રહેશે. જેમાં ઉપર નક્કી કરવામાં આવેલ લાયકાતવાળા અધ્યાપકશ્રીઓને બોલાવવાનાં રહેશે અને તેમની દરેકની માહિતી યુનિવર્સિટીને મોકલી તેની મંજૂરી / માન્યતા ફરજીયાત મેળવી લેવાની રહેશે.

૧૩. સંસ્થા / કોલેજને જોડાણ / માન્યતા યુનિવર્સિટી દ્વારા વખતોવખત નક્કી કરાતા નિયમો / શરતોને આધીન આપવામાં આવશે તથા જોડાણ/માન્યતા વાર્ષિક ધોરણે અપાશે તથા પ્રતિવર્ષ કેન્દ્રનું નવીનીકરણ કરાવવાનું રહેશે.

૧૪. પ્રમાણપત્રીય અભ્યાસક્રમ માટે ઓછામાં ઓછા ૯૦ કલાક અને પદવિકા (ડિપ્લોમા) અભ્યાસક્રમ માટે ઓછામાં ઓછા ૧૬૦ કલાકનું અધ્યાપન કાર્ય કરાવવાનું રહેશે.

૧૫. પદવિકા અભ્યાસક્રમનો પ્રારંભ ઓગષ્ટ માસથી થશે જેની પરીક્ષા જુલાઈ મહિનામાં લેવાશે. જ્યારે પ્રમાણપત્રીય અભ્યાસક્રમની પરીક્ષાઓ છ માસ બાદ લેવામાં આવશે.

૧૬. પ્રમાણપત્રીય / પદવિકા (ડિપ્લોમા) અભ્યાસક્રમોમાં શાસ્ત્રી / સ્નાતક, આચાર્ય / અનુસ્નાતક વિદ્યાર્થીઓને પ્રાધાન્ય આપવામાં આવશે. આ અભ્યાસક્રમનું આયોજન મહાવિદ્યાલયનાં શૈક્ષણિક સમય સિવાયના સમયમાં કરવાનું રહેશે. (મહાવિદ્યાલયને લાગું પડશે)

૧૭. ઉચ્ચશિક્ષણ ધરાવતા તેમજ ધોરણ–૧૨ પાસ કોઈપણ વિદ્યાશાખાના વિદ્યાર્થીઓ પદવિકા (ડિપ્લોમા) અભ્યાસક્રમમાં જોડાઈ શકશે. ધોરણ–૧૦ પાસ વિદ્યાર્થીઓ તેમના અભ્યાસક્રમની સાથે પ્રમાણપત્રીય અભ્યાસક્રમમાં પણ જોડાઈ શકશે.

૧૮. આ અભ્યાસક્રમોમાં પ્રવેશ માટેની કોઈ વય મર્યાદા રહેશે નહી.

૧૯. નોકરી / ધંધો કરતા ઉમેદવાર પણ આ અભ્યાસક્રમોમાં જોડાઈ શકે છે.

૨૦. કોઈ પણ વિદ્યાર્થી સ્નાતક/અનુસ્નાતક કરતા કરતા પદવિકા/પ્રમાણપત્રીય અભ્યાસક્રમ કરી શકશે. તેમજ એક સાથે બે પદવિકા/પ્રમાણપત્રીય અભ્યાસક્રમો એક વર્ષમાં કરી શકશે નહી.

૨૧. કોઈપણ પ્રકારતી વિસંગતતા બાબતે યુનિવર્સિટીનો નિર્ણય આખરી અને બંધન કરતાં રહેશે.

(ડો. દશરથ જાદવ)
કુલસચિવ

Registrar
Shree somnath Sanskrit University
Veraval, Dist. Gir Somnath (Gujarat)

श्रीसोमनाथसंस्कृतविश्वविद्यालय, वेरावल एकेडेमिक काउन्सील बैठक की कार्यसूचि ।

श्रीसोमनाथसंस्कृतविश्वविद्यालयकी एकेडेमिक काउन्सीलकी १८ वीं बैठक के साथ एक्झीक्युटीव काउन्सीलकी बैठक का आयोजन दिनांक १५-जुलाई-२०१४ के दिन सुबह ११:३० बजे विश्वविद्यालय के कोन्फरन्स कक्षमें आयोजित की गई थी । इस बैठक में निम्नानुसार महानुभाव उपस्थित रहे थै ।

| संख्या | एकेडेमिक काउन्सील के सदस्यश्री |
|---|---|
| १ | मान.कुलपतिश्री-अध्यक्षश्री |
| २ | डॉ.सुरेन्द्र शर्मा |
| ३ | डॉ. सरोज कोचर |
| ४ | डॉ. डी.एन.पान्डेय |
| ५ | डॉ.राजेन्द्र नाणांवटी |
| ६ | डॉ. गिरिशभाइ ठाकर |
| ७ | डॉ. उर्मिबेन शाह |
| ८ | डॉ. निहारीकाबेन पटेल |
| ९ | डॉ. हितेन्द्रभाइ व्यास |
| १० | डॉ.डी.एम.मोकरीया |
| ११ | श्री महेशभाइ ठाकर |
| १२ | श्री कालीदासभाइ ठाकर |
| १३ | डॉ.दशरथ जादव - का.कुलसचिव |

१८.०८ डिप्लोमा इन वैदिक गणित का नया अभ्यासक्रम विद्याभारती संस्था के साथ हुए MOU को ध्यानमें लेकर प्रारम्भ करने के लिए अनुमति प्रदान की गई ।

१८.०९ विश्वविद्यालय केम्पसमें डीप्लोमा इन संगीत का नया अभ्यासक्रम प्रारम्भ करने के विषयमें चर्चा की गई, स्वनिर्भर (सेल्फ फायनान्स) रूप से अभ्यासक्रम प्रारम्भ करने का तथा संगीत विद्वानों को आमन्त्रित करके अभ्यासक्रमकी रचना करने का निर्णय किया गया । जिस के अंगभूत समिति रचना करने के लिए मान.कुलपतिजीको सत्ता दी गई ।

Registrar
Shree somnath Sanskrit University
Veraval,Dist.Gir Somnath (Gujarat)

१८.२४ विश्वविद्यालयमें विभिन्न संकाय और इसमें समावेश करने के विषयों निम्न-अनुसार नियत किये गये।

| संख्या | संकाय | विषय |
|---|---|---|
| १ | साहित्य | साहित्य, अनिवार्य संस्कृत, स्पोकन संस्कृत, संगीत, ड्रामा वगेरे डिप्लोमा इन संस्कृत टीचींग |
| २ | वेद | वेद, पौरोहित्यम, ज्योतिष, वास्तुशास्त्र, वेदांग, डिप्लोमा/प्रमाणपत्रीय ज्योतिष, वास्तुशास्त्र, कर्मकान्ड, वैदिक गणित |
| ३ | व्याकरण | नव्य व्याकरण, प्राचीन व्याकरण, कम्प्युटेशनल लीग्वीस्टीक, लेग्वेझ स्टडीझ, लीग्वीस्टीक |
| ४ | दर्शन | सांख्य, योग, न्याय, वेशैषिक, पूर्व मिमांशा, बौध दर्शन, जैन दर्शन, तुल्नात्मक दर्शन, प्राश्चात्य दर्शन, शुद्वाद्वैत, स्वामीनारायण वेदांत, रामानुज वेदांत, डिप्लोमा/प्रमाणपत्रीय इन योग |
| ५ | पुराण | पुराणेतिहास, धर्मशास्त्र,प्राचिन राजनिति शास्त्र, भारतीय संस्कृति, भातीय सामाजिक शास्त्र |
| ६ | विज्ञान/अभिनव विद्या | अर्थशास्त्र, राज्यशास्त्र, वनौषधि विज्ञान, पर्यावरण विज्ञान, खनीज विज्ञान, खगोण शास्त्र, अंग्रेजी, कम्प्युटर, गुजराती, हिन्दी, समाजशास्त्र, इतिहास आदि डिप्लोमा इन टेम्पल मेनेजमेन्ट, पी.जी.डी.सी.ए. |
| ७ | व्यावसायिक विद्या | बी.एड्., एम.एड्. |

Registrar
Shree somnath Sanskrit University
Veraval,Dist.Gir Somnath (Gujarat)

પરીક્ષા વિભાગ શ્રી ... Exam - A.C. - 18

## શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ
## એકેડેમીક કાઉન્સિલની બેઠકની કાર્યનોંધ

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીની એકેડેમીક કાઉન્સિલની ૧૮મી બેઠકનું આયોજન તા.૧૫ જૂલાઈ, ૨૦૧૪નાં રોજ સવારે ૧૧:૩૦ કલાકે યુનિવર્સિટી કોન્ફરન્સ હોલ ખાતે આયોજિત કરવામાં આવેલ હતું. આ બેઠકમાં નીચે પ્રમાણેનાં મહાનુભાવો ઉપસ્થિત રહેલ હતા.

(૧) માન.કુલપતિશ્રી–અધ્યક્ષશ્રી
(૨) ડો.સુરેન્દ્ર શર્મા
(૩) ડો.સરોજ કોચર
(૪) ડો.ડી.એન.પાંડેય
(૫) ડો.રાજેન્દ્ર નાણાંવટી
(૬) ડો.ગિરિશભાઈ ઠાકર
(૭) ડો.ઉર્મિબેન શાહ
(૮) ડો.નિહારીકાબેન પટેલ
(૯) ડો.હિતેન્દ્રભાઈ વ્યાસ
(૧૦) ડો.ડી.એમ.મોકરીયા
(૧૧) શ્રી મહેશભાઈ ઠાકર
(૧૨) શ્રી કાલીદાસભાઈ ઠાકર
(૧૩) ડો.દશરથ જાદવ–કા.કુલસચિવ

૧૮.૦૧ સૌપ્રથમ માનનીય કુલપતિશ્રી દ્વારા ઉપસ્થિત સૌ મહાનુભાવોનું સ્વાગત કરવામાં આવ્યુ હતું અને અગાઉ કરેલ કામગિરીનો વિસ્તૃત અહેવાલ રજૂ કરવામાં આવ્યો.

૧૮.૦૨ યુનિવર્સિટી દ્વારા નિયત કરેલ કમિટીની ભલામણોને માન્ય રાખી પી.એચ.ડી.નાં માર્ગદર્શક તરીકેની મહાનુભાવોને માન્યતા આપવાનો નિર્ણય કરવામાં આવ્યો.

૧૮.૦૩ યુનિવર્સિટી કેમ્પસ પર ચાલતા અભ્યાસક્રમની ફી કમિટી દ્વારા નક્કી કરવામાં આવેલ ફી ને બહાલી આપવામાં આવી.

૧૮.૦૪ યુનિવર્સિટીનું તૈયાર થયેલ શૈક્ષણિક કેલેન્ડરને માન્ય રાખી તમામ મહાવિદ્યાલયમાં મોકલી આપવાનો નિર્ણય કરવામાં આવ્યો.

Registrar
Shree somnath Sanskrit University
Veraval,Dist.Gir Somnath (Gujarat)

૧૮.૦૫ યુનિવર્સિટી ખાતે ડિપ્લોમા તેમજ પીજીડીસીએ અભ્યાસ કેન્દ્રની નવી માન્યતા મેળવવા માટે જે અરજીઓ પ્રાપ્ત થયેલ છે તેની નિયમાનુસારની કાર્યવાહી કરી માન્યતા આપવામાં આવેલ છે તેને બહાલી આપવામાં આવી. તેમજ પીજીડીસીએ અને અન્ય ડિપ્લોમાં કોર્ષ માટે ગત વર્ષે જે સંસ્થાઓને માન્યતા આપેલ છે તેમને નિયમાનુસાર નવીનીકરણની પ્રક્રિયા કરી માન્યતા આપવામાં આવેલ તેને બહાલી આપવામાં આવી.

૧૮.૦૬ યુનિવર્સિટી દ્વારા આગામી તા.૨૪/૦૭/૨૦૧૪ થી તા.૦૩/૦૮/૨૦૧૪ સુધીના સમયમાં વેરાવળ–સોમનાથ નગરમાં સંસ્કૃત સંભાષણની ૫૧ શિબિરોનુ એક સાથે આયોજન થનાર છે તેને બહાલી આપવામાં આવી તેમજ સભા દ્વારા યુનિવર્સિટી દ્વારા કરવામાં આવનાર શિબિરોના આયોજન માટે પ્રશંસા કરવામાં આવી. તેમજ આવા કાર્યક્રમો યુનિવર્સિટી દ્વારા થતા રહે તેવુ સૂચન પણ કરવામાં આવ્યું.

૧૮.૦૭ યુનિવર્સિટી દ્વારા ચલાવવામાં આવતા ડિપ્લોમાં અભ્યાસક્રમો છેલ્લા ૬(છ) વર્ષથી ચાલતા હોઈ દરેક અભ્યાસક્રમમાં સમયને ધ્યાનમાં લઈ આંશિક પરિવર્તનો કરી નવા અભ્યાસક્રમો માટે માન.કુલપતિશ્રી દ્વારા કમિટીની રચના કરી તૈયાર કરવાનો નિર્ણય કરવામાં આવ્યો. અભ્યાસક્રમ તૈયાર કરાવવાની કામગીરી જે તે ડીનશ્રીને સોંપવાનો નિર્ણય કરવામાં આવ્યો.

૧૮.૦૮ ડિપ્લોમાં ઈન વૈદિક ગણિતનો નવો અભ્યાસક્રમ વિદ્યાભારતી સંસ્થા સાથે થયેલ એમ.ઓ.યુ ને ધ્યાને લઈ શરૂ કરવા માટેની બાબતને બહાલી આપવામાં આવી.

૧૮.૦૯ યુનિવર્સિટી ખાતે ડિપ્લોમાં ઈન સંગીતનો નવો અભ્યાસક્રમ શરૂ કરવાની બાબતે ચર્ચા કરી સ્વનિર્ભર ધોરણે અભ્યાસક્રમ શરૂ કરવાની તેમજ સંગીતના વિદ્વાનોને આમંત્રીત કરી અભ્યાસક્રમની રચના કરવાનો નિર્ણય કરવામાં આવ્યો. જે અંગેની કમિટી બનાવવા માટે માન.કુલપતિશ્રીને સત્તા આપવામાં આવી.

૧૮.૧૦ પીજીડીસીએ પરીક્ષામાં વર્તમાન જે ૪૦ માર્કસનાં MCQ છે તે બાબતે ચર્ચા કરી નિર્ણય કરવામાં આવ્યો કે હવે પછીની પીજીડીસીએ પરીક્ષામાં ૨૦ માર્કસનાં MCQ રાખવા અને પ્રશ્નો ૪૦ ના સ્થાને ૨૦ પ્રશ્નો પૂછવા.

૧૮.૧૧ શૈક્ષણિક વર્ષ : ૨૦૧૪–૧૫ થી તમામ અભ્યાસક્રમમાં નવી એનરોલમેન્ટ પધ્ધતિને અમલમાં મુકવાની બાબતને બહાલી આપવામાં આવી.

૧૮.૧૨ વિદ્યાર્થીઓને ભરવાનાં થતા જુદા–જુદા મહત્વના ફોર્મમાં સુધારો કરી તે મુજબના ફોર્મેટ મંજુર કરવામાં આવ્યા તેમજ તેને યુનિવર્સિટીની વેબસાઈટ પર મુકવા માટેની બાબતને બહાલી આપવામાં આવી.

Registrar
Shree somnath Sanskrit University
Veraval,Dist.Gir Somnath (Gujarat)

૧૮.૧૩ યુનિવર્સિટીની બાહય પરીક્ષાઓમાં શાસ્ત્રી/આચાર્ય કક્ષામાં સેમેસ્ટર પધ્ધતિ અમલમાં આવેલ હોય તેમાં હાલ પ્રશ્નપત્રદીઠ ૩૦ ગુણ માટે ૩ (ત્રણ) સ્વાધ્યાયકાર્યો વિદ્યાર્થીએ જમા કરાવવાનો નિર્ણય થયેલ છે. તે બાબતે પુખ્ત વિચારણા કરી પ્રશ્નપત્રદીઠ ૩૦ ગુણ માટે ૧ (એક) સ્વાધ્યાયકાર્ય સમગ્ર અભ્યાસક્રમને ધ્યાને લઈ તૈયાર કરાવવું તેમજ જે તે સ્વાધ્યાયકાર્યો બાહય વિદ્યાર્થીઓએ પરીક્ષા શરૂ થયાના પ્રથમ દિવસે બાઈડીંગ સાથે પરીક્ષાકેન્દ્ર પર જમા કરાવવાનું ફરજીયાત રહેશે. જે છાત્ર સંબંધિત વિષયના સ્વાધ્યાયકાર્ય જમા કરાવશે તેને જ પરીક્ષામાં બેસવા દેવામાં આવશે. અન્યથા તે પરીક્ષા આપી શકશે નહી. તેમ નિર્ણય કરવામાં આવ્યો તેમજ તેના પુરસ્કાર બાબતે માન.કુલપતિશ્રીને નિર્ણય કરવાની સત્તા આપવામાં આવી.

૧૮.૧૪ પ્રવેશનાં ધોરણોમાં યુજીસીની ગાઈડ લાઈન મુજબ જે વિદ્યાર્થી કાશ્મીરી રહેવાસી હોય તેને લઘુતમ લાયકાતમાં ૧૦% છુટછાટ આપવામાં આવી તેમજ તેમના માટે પ્રત્યેક પ્રવેશમાં એક સીટ રીઝર્વ રાખવા માટેનો નિર્ણય કરવામાં આવ્યો.

૧૮.૧૫ યુનિવર્સિટીમાં ચાલતા વિવિધ અભ્યાસક્રમો માટે વિદ્યાર્થીઓની આપવામાં આવતી માર્કશીટનાં જુના ફોર્મેટમાં જરૂરી સુધારા વધારા કરવાની બાબતને બહાલી આપવામાં આવી.

૧૮.૧૬ યુજીસી દ્વારા મળેલ આદેશ અનુસાર યુનિવર્સિટી દ્વારા આપવામાં આવતી વિવિધ ડીગ્રીઓમાં હવે પછીથી માતાના નામનો ઉલ્લેખ કરવો એવો સર્વાનુમતે નિર્ણય કરવામાં આવ્યો.

૧૮.૧૭ યુનિવર્સિટીમાં ચાલતા વિવિધ વિષયોના અધ્યક્ષ નિમણુંક કરવાની બાબતે ચર્ચા વિચારણા કરી ડીનશ્રીઓ સાથે પરામર્શ કરી વિવિધ વિષયોના અધ્યક્ષોની નિમણુંક કરવાની સત્તા માન.કુલપતિશ્રીને આપવામાં આવી.

File

૧૮.૧૮ યુનિવર્સિટીની પરીક્ષા શુધ્ધિ સમિતિમાં લેવાયેલ નિર્ણયને બહાલી આપવામાં આવી તેમજ સેમેસ્ટર સિસ્ટમને ધ્યાને લઈ કોપીકેસના નિયમોમાં જરૂરી જણાય તો ફેરફાર કરવા માટે કમિટીની રચના કરી નિયમો બનાવવાનો નિર્ણય કરવામાં આવ્યો. કમિટી રચના કરવા માટે માન.કુલપતિશ્રીને સત્તા આપવામાં આવી.

File

૧૮.૧૯ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને ડિટેઈન કરવા માટે વર્તમાન નિયમો અમલમાં છે તે ચાલુ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો.

૧૮.૨૦ યુનિવર્સિટી દ્વારા પરીક્ષા સમયે વિદ્યાર્થીઓને આપવામાં આવતી ઉત્તરવહીનાં મુખપૃષ્ઠમાં કરેલ ફેરફારની બાબતને બહાલી આપવામાં આવી.

Registrar
Shree somnath Sanskrit University
Veraval,Dist.Gir Somnath (Gujarat)

૧૮.૨૧ યુનિવર્સિટી દ્વારા પુનઃમૂલ્યાંકન/પુનઃચકાસણીનાં નિયમો બાબતે સેમેસ્ટર સીસ્ટમ અમલમાં આવતાં પુખ્ત ચર્ચા–વિચારણા કરી નિર્ણય કરવામાં આવ્યો કે દરેક કક્ષાના સેમેસ્ટરદીઠ પરીણામ બાદ મહત્તમ કોઈપણ બે વિષયનું પુનઃમૂલ્યાંકન/પુનઃચકાસણી કરી શકાશે. તેમજ યુનિવર્સિટીનું પુનઃમુલ્યાંકન થયા બાદ જે તે વિદ્યાર્થીઓની ગોલ્ડ મેડલ માટેની યાદી તૈયાર કરવી ત્યાં સુધી વિદ્યાર્થીના પરીણામમાં મેડલ માટેના રેન્ક જાહેર કરવા નહી.

૧૮.૨૨ પીજીડીસીએ કેન્દ્રોમાં મહત્તમ ૬૦ સીટની જગ્યાએ વધુ સીટો ફાળવવા માટે આવેલ અરજીઓ પર ચર્ચા–વિચારણા કરી નિર્ણય કરવામાં આવ્યો કે, પીજીડીસીએ કેન્દ્રો પર હાલમાં જે સીટો તે મુજબ જ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાનો રહેશે.

૧૮.૨૩ યુનિવર્સિટીમાં ડી.લીટ્.ની પદવીનો અભ્યાસક્રમ બાબતે ચર્ચા–વિચારણા કરી નિર્ણય કરવામાં આવ્યો કે, હાલમાં યુનિવર્સિટી દ્વારા ડી.લીટ્.ની પદવીનો અભ્યાસક્રમ શરૂ કરવો નહી.

૧૮.૨૪ યુનિવર્સિટીમાં વિવિધ ફેકલ્ટી તેમજ તેમાં સમાવેશ કરવાના થતા વિષયો નિચે મુજબ નિયત કરવામાં આવ્યા.

| ક્રમ | ફેકલ્ટી | વિષય |
|---|---|---|
| ૧ | સાહિત્ય | સાહિત્ય, અનિવાર્ય સંસ્કૃત, સ્પોકન સંસ્કૃત, સંગીત, ડ્રામા વગેરે ડિપ્લોમા ઈન સંસ્કૃત ટીચીંગ |
| ૨ | વેદ | વેદ, પૌરોહિત્યમ, જયોતિષ, વાસ્તુશાસ્ત્ર,વેદાંગ, ડિપ્લોમા/પ્રમાણપત્રીય જયોતિષ,વાસ્તુશાસ્ત્ર,કર્મકાંડ, વૈદિક ગણિત |
| ૩ | વ્યાકરણ | નવ્ય વ્યાકરણ, પ્રાચીન વ્યાકરણ,કમ્પ્યુટેશનલ લીગ્વીસ્ટીક,લેગ્વેઝ સ્ટડીઝ, લીગ્વીસ્ટીક |
| ૪ | દર્શન | સાંખ્ય, યોગ, ન્યાય, વૈશેષિક, પૂર્વ મિમાંશા, બૌધ દર્શન, જૈન દર્શન, તુલનાત્મક દર્શન, પ્રાશ્ચાત્ય દર્શન, શુદ્ધાદ્વૈત, સ્વામીનારાયણ વેદાંત, રામાનુજ વેદાંત, ડિપ્લોમા/પ્રમાણપત્રીય ઈન યોગ |
| ૫ | પુરાણ | પુરાણેતિહાસ, ધર્મશાસ્ત્ર, પ્રાચિન રાજનિતી શાસ્ત્ર, ભારતીય સંસ્કૃતિ, ભાતીય સામાજિક શાસ્ત્ર |
| ૬ | વિજ્ઞાન/અભિવન વિદ્યા | અર્થશાસ્ત્ર, રાજયશાસ્ત્ર, વનૌષધિ વિજ્ઞાન, પર્યાવરણ વિજ્ઞાન, ખનીજ વિજ્ઞાન, ખગોળ શાસ્ત્ર,અંગ્રેજી,કમ્પયુટર, ગુજરાતી, હિન્દી, સમાજશાસ્ત્ર,ઈતિહાસ વગેરે ડિપ્લોમા ઈન ટેમ્પલ મેનેજમેન્ટ, પી.જી.ડી.સી.એ |
| ૭ | વ્યાવસાયિક વિદ્યા | બી.એડ્., એમ.એડ્. |

૧૮.૨૫ અનુસ્નાતક ભવનમાં અધ્યક્ષ બનાવવાની બાબતે ચર્ચા–વિચારણા કરી નિર્ણય કરવામાં આવ્યો કે, સદર બાબત વહીવટી પ્રક્રિયાની હોઈ સદર બાબતનો નિર્ણય ઈ.સી.માં લઈ જઈ નિર્ણય કરવામાં આવે.

Registrar
Shree somnath Sanskrit University
Veraval,Dist.Gir Somnath (Gujarat)

૧૮.૨૬ એમ.એમ.ઈન યોગનો અભ્યાસક્રમ બાહય તરીકે શરૂ કરવાની બાબતે ચર્ચા–વિચારણા કરી નિર્ણય કરવામાં આવ્યો કે, નોકરીયાત કે અન્ય લોકો જે રોજ યુનિવર્સિટી ખાતે ઉપસ્થિત રહી યોગ અભ્યાસક્રમ કરી શકે તેમ નથી તે લોકો યોગ અભ્યાસક્રમ કરી શકે તે માટે એમ.ઈન યોગનો બાહય અભ્યાસક્રમ યુનિવર્સિટી ખાતે શરૂ કરવો તે માટે અન્ય રાજયોમાં આ પ્રકારના ચાલતા અભ્યાસક્રમોની વિગત મેળવી અભ્યાક્રમનુ પ્રારૂપ તૈયાર કરવા માટે કમિટીનું ગઠન કરવાનું નક્કી કરવામાં આવ્યું તેમજ કમિટીનું ગઠન કરવાની સત્તા માન.કુલપતિશ્રીને આપવામાં આવી.

મહાનુભાવોના સુચનો :–

૧૮.૨૭ યુનિવર્સિટી દ્વારા સંસ્કૃત સંભાષણની શિબિરોનું આયોજન કરવામાં આવેલ છે તેવી જ રીતે સમયાંતરે આવા કાર્યક્રમોનું આયોજન થતુ રહે તે અંગેના પ્રયાસો કરવા જણાવવામાં આવ્યું. તેમજ કરેલ કામગીરીને બિરદાવવામાં આવી.

અધ્યક્ષ સ્થાનેથી :–

૧૮.૨૮.૧ યુનિવર્સિટીનાં બી.એડ્. અભ્યાસક્રમમાં અભ્યાસ સમિતી દ્વારા સુચવવામાં આવેલ આંશિક ફેરફારોને માન્ય રાખવા માટે કરેલ ડીનશ્રીની ભલામણને માન્ય રાખવામાં આવી. તેમજ બી.એડ્. પ્રવેશ અંગે શૈક્ષણિક સત્રના દિવસોને ધ્યાને લઈ પ્રવેશ ૨૫ મી જુલાઈ સુધી આપવા અને પરીક્ષાનો સમય પ્રવેશની મુદતને ધ્યાનમાં લઈ નક્કી કરવો.

૧૮.૨૮.૨ યુનિવર્સિટી દ્વારા માન્યતા પ્રાપ્ત આર્ષ સંશોધન કેન્દ્રને કાયમી જોડાણ આપવા માટે એલ.આઈ.સી.એ કરેલ ભલામણને માન્ય રાખી કાયમી જોડાણ આપવાનું નક્કી કરવામાં આવ્યું.

બેઠકનાં અંતે માન.કુલપતિશ્રી તેમજ કા.કુલસચિવશ્રીએ સર્વે મહાનુભાવોનો આભાર વ્યકત કર્યો હતો તેમજ જે મહાનુભાવો કાર્યકાળ પૂર્ણ થતો હતો તેમને યુનિવર્સિટીને આપેલા યોગદાનને યાદ કરી વિશેષ આભાર વ્યકત કર્યો હતો અને સંસ્કૃત યુનિવર્સિટીના દરેક કામમાં સહયોગ આપવા વિનંતી કરી હતી તો સાથે સાથે વિદાય લઈ રહેલ મહાનુભાવોએ પણ યુનિવર્સિટીના દરેક કામમાં સહયોગ આપવાની સંમતી દર્શાવી હતી.

(ડૉ.દશરથ જાદવ)
કા.કુલસચિવ

Registrar,
Shree somnath Sanskrit University
Veraval.Dist.Gir Somnath (Gujarat)

श्रीसोमनाथसंस्कृतविश्वविद्यालय, वेरावल एकेडेमिक काउन्सील और एक्झीक्युटीव काउन्सील संयुक्त बैठक की मिनिट्स ।

श्रीसोमनाथसंस्कृतविश्वविद्यालयकी एकेडेमिक काउन्सीलकी १९ वीं बैठक के साथ एक्झीक्युटीव काउन्सीलकी संयुक्त बैठक का आयोजन दिनांक २३-जनवरी-२०१५ के दिन दोपहर ०२:०० बजे विश्वविद्यालय के कोन्फरन्स कक्षमें आयोजित की गई थी । इस बैठक में निम्नानुसार महानुभाव उपस्थित रहे थै ।

| संख्या | एकेडेमिक काउन्सील के सदस्यश्री | संख्या | एक्झीक्युटीव काउन्सील के सदस्यश्री |
|---|---|---|---|
| १ | मान.कुलपतिश्री-अध्यक्षश्री | १ | मान.कुलपतिश्री-अध्यक्षश्री |
| २ | डॉ.बी.के.त्रिवेदी | २ | डॉ.कृष्णप्रसाद निरौला |
| ३ | प्रो.डॉ. राजेश सी.व्यास | ३ | श्री मेहुलभाइ भट्ट |
| ४ | प्रो.डॉ.कमलेशकुमार चोकसी | ४ | डॉ. नरेन्द्रकुमार पंड्या |
| ५ | डॉ.प्रज्ञाबेन जोषी | ५ | डॉ.राजेन्द्रप्रसाद शुक्ल |
| ६ | डॉ.जे.पी.एन.द्विवेदी | ६ | डॉ.दशरथ जादव-का.कुलसचिव |
| ७ | डॉ.शत्रुघ्न पाणीग्रही | ७ | श्री बी.जे.महेता मुख्य वित्ताधिकारी |
| ८ | प्रो.डॉ. विनोदकुमार झा | | |
| ९ | प्रो.डॉ.अर्चना दुबे | | |
| १० | डॉ.अमृतलाल भोगायता | | |
| ११ | डॉ.कांतिभाइ भट्ट | | |
| १२ | श्री गोविंदभाइ पटेल | | |
| १३ | डॉ.दशरथ जादव - का.कुलसचिव | | |

१९.०६ :- विश्वविद्यालयमें चलनेवाले डीप्लोमा अभ्यासक्रमों में आगामी वर्ष (जून-२०१५) से संगीत और वैदिक गणित अभ्यासक्रम प्रारम्भ करने का निर्णय किया गया ।

Registrar
Shree somnath Sanskrit University
Veraval.Dist.Gir Somnath (Gujarat)

Exam - A.C. - 19

# શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ

## એકેડેમીક કાઉન્સિલ તેમજ એકઝીકયુટીવ કાઉન્સિલ સંયુકત બેઠકની કાર્યનોંધ

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીની એકેડેમીક કાઉન્સિલની ૧૯મી બેઠકની સાથે એકઝીકયુટીવ કાઉન્સિલની સંયુકત બેઠકનું આયોજન તા.૨૩ જાન્યુઆરી, ૨૦૧૫ના રોજ બપોરે ૨:૦૦ કલાકે યુનિવર્સિટી કોન્ફરન્સ હોલ ખાતે આયોજિત કરવામાં આવેલ હતું. આ બેઠકમાં નીચે પ્રમાણેનાં મહાનુભાવો ઉપસ્થિત રહેલ હતા.

| ક્રમ | એકેડેમીક કાઉન્સિલના સભ્યશ્રીઓ | ક્રમ | એકઝીકયુટીવ કાઉન્સિલના સભ્યશ્રીઓ |
|---|---|---|---|
| ૧ | માન.કુલપતિશ્રી–અધ્યક્ષશ્રી | ૧ | માન.કુલપતિશ્રી–અધ્યક્ષશ્રી |
| ૨ | ડો. બી.કે.ત્રિવેદી | ૨ | ડો.કૃષ્ણપ્રસાદ નિરોલા |
| ૩ | પ્રો.ડો.રાજેશ સી.વ્યાસ | ૩ | શ્રી મેહુલભાઈ ભટ્ટ |
| ૪ | પ્રો.ડો.કમલેશકુમાર ચોકસી | ૪ | ડો.નરેન્દ્રકુમાર પંડયા |
| ૫ | ડો.પ્રજ્ઞાબેન જોષી | ૫ | ડો.રાજેન્દ્રપ્રસાદ શુકલા |
| ૬ | ડો.જે.પી.એન.દ્વિવેદી | ૬ | ડો.દશરથ જાદવ – કા.કુલસચિવ |
| ૭ | ડો.શત્રુઘ્ન પાણીગ્રહી | ૭ | શ્રી બી.જે.મહેતા – મુખ્ય હિસાબી અધિકારી |
| ૮ | પ્રો.ડો.વિનોદકુમાર ઝા | | |
| ૯ | પ્રો.ડો.અર્ચના દુબે | | |
| ૧૦ | ડો.અમૃતલાલ ભોગાયતા | | |
| ૧૧ | ડો.કાંતિભાઈ ભટ્ટ | | |
| ૧૨ | શ્રી ગોવિંદભાઈ પટેલ | | |
| ૧૩ | ડો.દશરથ જાદવ – કા.કુલસચિવ | | |

૧૯.૦૧ સૌ પ્રથમ માનનીય કુલપતિશ્રી દ્વારા ઉપસ્થિત સૌ મહાનુભાવોનુ સ્વાગત કરવામાં આવ્યુ હતું અને અગાઉ કરેલ કામગીરીનો વિસ્તૃત અહેવાલ રજૂ કરવામાં આવ્યો.

૧૯.૦૨ ફેકલ્ટીની કાર્યનોંધને બહાલી આપવામાં આવી, પરંતુ ફેકલ્ટીની કાર્યનોંધ –૬ માં શાસ્ત્રી કક્ષાના મુખ્ય વિષય (સી.સી.) તરીકે સંસ્કૃત વિષય સાથે (સી.ઈ.) વિષય તરીકે કોમ્પ્યુટર, સંગીત, મંદીર વ્યવસ્થાપન અને યોગ જેવા વિષયો ચલાવવાની ભલામણ કરવામાં આવી હતી તેની ચર્ચા કરતા ઉકત વિષયોમાંથી સંગીત અને યોગ (સી.સી.) ને બદલે (ઓ.સી.)માં આગામી શૈક્ષણિક વર્ષથી રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો.

૧૯.૦૩ માન.કુલપતિશ્રીની મુદત પૂર્ણ થનાર છે. ત્યારે નવા માન.કુલપતિશ્રીની નિયુકત કરવા માટેની સર્ચ કમિટીના સભ્યશ્રીનું નામ મનોનિત કરવા બાબતે ચર્ચા વિચારણા કરવામાં આવી. જેમાં એકઝીકયુટીવ અને એકેડેમીક કાઉન્સિલના મહાનુભાવો દ્વારા સંયુકત રીતે બહુમતીથી ડો.પંકજ જાની, પૂર્વ કુલપતિશ્રી, શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ અને હાલ ડાયરેકટર ઓફ એજયુકેશન, જી.એન.એફ.સી. ભરૂચનું નામ મનોનિત કરવામાં આવ્યું.



Registrar
Shree somnath Sanskrit University
Veraval,Dist.Gir Somnath (Gujarat)

૧૯.૦૪ એકેડેમિક કાઉન્સિલમાં યુનિવર્સિટીના એક્ટની જોગવાઈ 22 (2) મુજબ એકેડેમીક કાઉન્સિલ દ્વારા બે મહાનુભાવોને કો–ઓપ્ટ સભ્યશ્રી તરીકે મનોનીત કરવાના થાય છે તે અંતર્ગત ચર્ચા કરી ૨(બે) મહાનુભાવોના નામ નક્કી કરવામાં આવ્યા. જેમાં (૧) શ્રી ગીરીશભાઈ ઠાકર, પૂર્વ આચાર્યશ્રી, પાલનપુર (૨) શ્રી વિષ્ણુભાઈ પુરોહીત, સરકારી આર્ટસ કોલેજ, ગાંધીનગર.

૧૯.૦૫ યુનિવર્સિટીની નાણાં સમિતિમાં યુનિવર્સિટીના રેગ્યુલેશનની જોગવાઈ મુજબ ત્રણ સભ્યોની નિમણૂંક ઈ.સી. દ્વારા કરવાની હોઈ આ બાબતની ઈ.સી.ની બેઠકમાં ચર્ચા કરવાનું નક્કી કરવામાં આવ્યું.

૧૯.૦૬ યુનિવર્સિટીમાં ચાલતા ડીપ્લોમા અભ્યાસક્રમોમાં આગામી વર્ષ (જુન–૨૦૧૫) થી સંગીત અને વૈદિક ગણિતનો અભ્યાસક્રમ શરૂ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો.

૧૯.૦૭ યુનિવર્સિટીમાં ચાલતા ડીપ્લોમા અભ્યાસક્રમોમાં જરૂરીયાત મુજબ મહાનુભાવો દ્વારા કરવામાં આવેલા આંશિક પરિવર્તનોને માન્ય રાખવામાં આવ્યા તેમજ સુધારેલ અભ્યાસક્રમનો અમલ આગામી વર્ષ (જુન–૨૦૧૫) થી કરવાનો નિર્ણય કરવામાં આવ્યો.

૧૯.૦૮ યુનિવર્સિટીમાં ચાલતા ડીપ્લોમા અભ્યાસક્રમોને બાહય તરીકે શરૂ કરવા અંગે ચર્ચા કરતા નિર્ણય કરવામાં આવ્યો કે હાલ જે પધ્ધતિએ અભ્યાસક્રમ ચાલે છે તેમ ચલાવવા.

૧૯.૦૯ રાજકીય મુકત વિદ્યાલયી શિક્ષા સંસ્થાન, ઉત્તરપ્રદેશનાં ઈન્ટરમીડયટ કોર્ષ પાસ કરેલા વિદ્યાર્થીઓને શાસ્ત્રી કક્ષામાં પ્રવેશ આપવા અંગે તેમજ રાજય મદરેશા શિક્ષા બોર્ડ, ઉત્તરપ્રદેશ, લખનઉની આલીમ / માહીર (बारहवीं) ના વિદ્યાર્થીઓને શાસ્ત્રી કક્ષામાં પ્રવેશ આપવા અંગે આવેલ પત્રો પર ચર્ચા વિચારણા કરી યુનિવર્સિટી દ્વારા તે પ્રમાણપત્રો/માર્કશીટને માન્ય રાખી પ્રવેશ આપવો કે કેમ ? તે માટે એક સમિતિનું ગઠન કરવામાં આવ્યું જે સમિતિમાં(૧) ડો.બી.કે.ત્રિવેદી, સચિવશ્રી, રાજય પરિક્ષા બોર્ડ, ગાંધીનગર (૨) પ્રો.વિનોદકુમાર ઝા, ડીનશ્રી વ્યાકરણ ફેકલ્ટી, (૩) ડો. કાંતિભાઈ ભટ્ટ, પ્રધાનાચાર્યશ્રી, શ્રી સુર્યપુર સંસ્કૃત મહાવિદ્યાલય, સુરત. જેમાં અધ્યક્ષશ્રી, ડો.બી.કે.ત્રિવેદી રહેશે. તેઓશ્રીનો રીપોર્ટ મળ્યેથી માન્યતા બાબતે આગામી એ.સી.માં નિર્ણય કરવામાં આવશે તેમ નક્કી કરવામાં આવ્યું.

૧૯.૧૦ યુનિવર્સિટીમાં પીએચ.ડી.ના માર્ગદર્શક તરીકેની માન્યતા આપવા બાબતે સમિતિની ભલામણને માન્ય રાખવામાં આવી તેમજ તેઓ દ્વારા જેના નામની ભલામણ કરેલ છે તેઓને પીએચ.ડી.ના માર્ગદર્શક તરીકે માન્યતા આપવાનું નક્કી કરવામાં આવ્યું.

૧૯.૧૧ યુનિવર્સિટીની વિવિધ ફેકલ્ટીઓની બેઠકમાં લેવાયેલ નિર્ણય મુજબ વિવિધ ફેકલ્ટીઓના શાસ્ત્રી, આચાર્ય, પી.જી.ડી.સી.એ., એમ.ફીલ અને પીએચ.ડી.ના કુલ – ૧૭૦૩ વિદ્યાર્થીઓને આગામી પદવીદાન સમારોહમાં પદવી આપવાનો નિર્ણય કરવામાં આવ્યો તેમજ ગત વર્ષની જેમ દાતા મળ્યા મુજબ કક્ષા – વિષય મુજબ ક્રમાંક પ્રાપ્ત કરતા વિદ્યાર્થીઓને મેડલ પ્રમાણપત્ર આપવાનો નિર્ણય કરવામાં આવ્યો.

Registrar
Shree somnath Sanskrit University
Veraval,Dist.Gir Somnath (Gujarat)

१९.१२ યુનિવર્સિટીના યુવક મહોત્સવ તથા અધ્યાપકશ્રીઓના પરિસંવાદ તા.૨૭મી ફેબ્રુઆરી થી ૩જી માર્ચ ૨૦૧૫ સુધી નડિયાદ મુકામે રાખવામાં આવેલ છે. તેને બહાલી આપવામાં આવી તેમજ પરિસંવાદમાં સૌ મહાનુભાવોને ઉપસ્થિત રહેવા માટે આમંત્રણ આપવામાં આવ્યુ.

१९.१३ યુનિવર્સિટીના શાસ્ત્રી અભ્યાસક્રમમાં યુજીસીના પરિપત્ર મુજબ પર્યાવરણનો અભ્યાસક્રમ ચાલુ વર્ષ માટે ચલાવવાનું નક્કી કરવામાં આવ્યું તેમજ સંસ્કૃત યુનિવર્સિટી વિશિષ્ટ હોઈ પર્યાવરણ વિષયક અભ્યાસક્રમ યુજીસીની ગાઈડલાઈન પ્રમાણે પોતે જ તૈયાર કરે તેવા મહાનુભાવોના સુચનને ધ્યાને લઈ સદર અભ્યાસક્રમ તૈયાર કરવા માટેની ત્રણ સભ્યોની સમિતિનું ગઠન કરવામાં આવ્યું જેમાં (૧) પ્રો.ડો.કમલેશકુમાર ચોકસી, ડીપાર્ટમેન્ટ ઓફ સંસ્કૃત, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ (૨) ડો.પ્રજ્ઞાબેન જોષી, મહર્ષિ વેદ વિજ્ઞાન અકાદમી, અમદાવાદ (૩) ડો.પંકજ રાવલ, સંસ્કૃત કોલેજ, વેરાવળ ઉકત સમિતિમાં અધ્યક્ષ સ્થાને પ્રો.ડો.કમલેશકુમાર ચોકસી રહેશે. જે અભ્યાસક્રમ તૈયાર થયેથી યુનિવર્સિટી સત્તામંડળમાં મૂકી બહાલી મેળવી ચલાવવામાં આવશે.

१९.१४ યુનિવર્સિટીમાં જયોતિષ ફેકલ્ટી શરૂ કરવા અંગેની ચર્ચા વિચારણા કરતા નિર્ણય કરવામાં આવ્યો કે જયોતિષ વિષય સુસંગત અન્ય અભ્યાસક્રમ / વિષય નવા શરૂ કરવામાં આવે ત્યારે આ બાબતે વિચારણા કરવી હાલના તબકકે જયોતિષ ફેકલ્ટીની જરૂરીયાત જણાતી નથી. નવા વિષયો શરૂ થાય ત્યારે આ બાબતને પુનઃ એકેડેમીક કાઉન્સિલમાં મુકવી.

१९.१५ યુજીસીના એન.એસ.ડી.સી. પ્લેસમેન્ટ બાબતે કાઉન્સિલીંગ સેલની રચના કરવા અંગે વિચારણા કરવામાં આવી તેમાં સંસ્કૃત વિષયના વિદ્યાર્થીઓ કમ્પ્યુટરમાં તેમજ કથા પ્રવચનમાં કૌશલ્ય કેળવે તે માટે સેલની રચના કરવાનો નિર્ણય કરવામાં આવ્યો.

१९.१६ બી.એડ્.(શિક્ષા શાસ્ત્રી) અભ્યાસક્રમની માર્કશીટમાં શિક્ષાશાસ્ત્રી / બી.એડ્ લખવું તેમજ તે મુજબ માર્કશીટના ફોર્મેટમાં આંશિક પરિવર્તન કરવાનો નિર્ણય કરવામાં આવ્યો.

१९.१७ યુનિવર્સિટીના બી.એડ્.(શિક્ષા શાસ્ત્રી) અભ્યાસક્રમમાં ડીનશ્રી દ્વારા કરવામાં આવેલા આંશિક પરિવર્તનને બહાલી આપવામાં આવી.

१९.१८ યુનિવર્સિટી દ્વારા એન.સી.ટી.ઈ.ના નિયમાનુસાર શિક્ષાશાસ્ત્રી(બી.એડ્) અભ્યાસક્રમ ૨(બે) વર્ષનો કરવાનો નિર્ણય કરવામાં આવ્યો. સરકારશ્રીના માર્ગદર્શન મુજબ તેમજ અન્ય યુનિવર્સિટીઓના બી.એડ્ અભ્યાસક્રમને ધ્યાને લઈ ડીનશ્રી, શિક્ષાશાસ્ત્રી સંકાય નવો અભ્યાસક્રમ તૈયાર કરશે તેમ નક્કી કરવામાં આવ્યું.

१९.१९ યુનિવર્સિટી દ્વારા વિદ્યાર્થીઓને આપવામાં આવતા ટ્રાયલ સર્ટિફીકેટની ફી નિયત થયેલ ન હોઈ તેની ફી રૂા.૧૦૦/-- નક્કી કરવામાં આવી.



Registrar
Shree somnath Sanskrit University
Veraval,Dist.Gir Somnath (Gujarat)

૧૯.૨૦ વિદ્યાર્થીની પુનઃનોંધણી કરાવવા બાબતે નિર્ણય કરવામાં આવ્યો કે, શાસ્ત્રી અને આચાર્ય અભ્યાસક્રમ બાબતે મહત્તમ સમયગાળો પૂર્ણ થયા બાદ જો વિદ્યાર્થી સમગ્ર અભ્યાસક્રમમાં ૫ (પાંચ) પેપર સુધી નાપાસ હોય અને અભ્યાસક્રમ પૂર્ણ કરવા માંગતો હોય તો જે તે વિદ્યાર્થીનો નીચેની બાબતોને ધ્યાને લઈ પુનઃનોંધણી કરાવવાનું નક્કી કરવામાં આવ્યું. જે મહત્તમ ૫ (પાંચ) પેપર માટે કરાવી શકશે. તેમજ રજીસ્ટ્રેશન ફી પેપર દીઠ રૂા.૧૦૦/– લેવાની રહેશે. અને તેની પરીક્ષા ફી શાસ્ત્રી અને આચાર્ય કક્ષાની જે તે સમયની નિયત થયેલ હશે તે રહેશે. રી–રજીસ્ટ્રેશનનો સમયગાળો રજીસ્ટ્રેશન થયેથી ૨(બે) વર્ષ સુધીનો રહેશે.

૧૯.૨૧ યુનિવર્સિટીની વિવિધ પરીક્ષાઓ દરમ્યાન પરીક્ષા સંચાલન માટે આપવામાં આવતા રીલીવર બાબતે નિર્ણય કરવામાં આવ્યો કે, જે પરીક્ષા કેન્દ્રો ઉપર સેશન દીઠ ૨(બે) કે ૨(બે) થી વધુ બ્લોક હોઈ (૩૦ થી વધુ સંખ્યા હોઈ) ત્યાં રીલીવર આપવાનો નિર્ણય કરવામાં આવ્યો.

૧૯.૨૨ પીજીડીસીએ અભ્યાસક્રમની પરીક્ષાના સમય બાબતે ચર્ચા કરતા નિર્ણય કરવામાં આવ્યો કે, પ્રશ્નપત્રનું પ્રારૂપ અને તેના સમય બાબતે અન્ય યુનિવર્સિટીમાંથી વિગતો મેળવીને સમિતિ બનાવી નિર્ણય કરે તે મુજબ રાખવું તેમ નક્કી થયું તથા સમિતિ બનાવવા માટે માન.કુલપતિશ્રીને સત્તા આપવામાં આવી.

૧૯.૨૩ યુનિવર્સિટી દ્વારા વિદ્યાર્થીઓને આપવામાં આવતા માઈગ્રેશન સર્ટિફીકેટ આપવા બાબતે પ્રવર્તમાન નિયમાનુસાર જે તે યુનિવર્સિટીની વિદ્યાર્થી પાસેથી પ્રોવીઝનલ એલીજીબીટી સર્ટીફીકેટ મંગાવવામાં આવે છે તે અન્ય યુનિવર્સિટીઓ ન આપતા વિદ્યાર્થીઓને મુશ્કેલી પડતી હોઈ તેને રદ કરી માત્ર છેલ્લી પરિક્ષાની માર્કશીટની નકલ અને કોલેજનું ઓરીજનલ ટ્રાન્સફર સર્ટી મળ્યેથી જે તે વિદ્યાર્થીને માઈગ્રેશન સર્ટીફીકેટ આપવું તેમ નિર્ણય કરવામાં આવ્યો.

૧૯.૨૪ યુનિવર્સિટીની એકેડેમીક તમામ માહિતી એકજ જગ્યાએથી મળી રહે તે માટે યુનિવર્સિટીની સંપૂર્ણ માહિતી પુસ્તિકા (માર્ગદર્શિકા) તૈયાર કરવાનું નક્કી કરવામાં આવ્યું જેમાં પરીક્ષા નિયામકશ્રી તેમજ ૨ (બે) ડીનશ્રીની સમિતિ બનાવી આગામી શૈક્ષણિક સત્ર શરૂ થાય તે પહેલા માહિતી પુસ્તિકા બનાવવાનું નક્કી કરવામાં આવ્યું.

૧૯.૨૫ યુનિવર્સિટી દ્વારા વિદ્યાર્થીઓને આપવામાં આવતી વિવિધ કક્ષાની માર્કશીટ તેમજ ડીગ્રીમાં વિદ્યાર્થીનો ફોટો રાખવો અને તે પ્રકારની માર્કશીટ સર્ટીફીકેટ આપવા અંગે નિર્ણય કરવામાં આવ્યો.

૧૯.૨૬ એમ.એ.યોગની ડીગ્રીમાં યોગાચાર્ય લખવા બાબતે ચર્ચા વિચારણા કરવામાં આવી. ચર્ચા બાદ યુનિવર્સિટી દ્વારા હાલ એમ.એ. યોગ માટેની જે માર્કશીટ તેમજ ડીગ્રી આપવામાં આવે છે તે મુજબની જ માર્કશીટ અને ડીગ્રી આપવી તેમ નક્કી કરવામાં આવ્યું.

१९.२७ મહાનુભાવોના સુચનો :

१९.२७.१ – રાષ્ટ્રીય સંસ્કૃત સંસ્થાન દ્વારા અગર્તલા, ત્રિપુરા ખાતે યોજાયેલ ઓલ ઈન્ડીયા સંસ્કૃત યુનિવર્સિટી યુથ ફેસ્ટીવલમાં યુનિવર્સિટી દ્વારા ભાગ લેવામાં આવેલ. જેમાં શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીએ તમામ યુનિવર્સિટીમાં દ્વિતિય ક્રમ પ્રાપ્ત કરેલ છે. તેમજ ૪૫ સ્પર્ધામાંથી ૪૪ સ્પર્ધામાં વિવિધ મેડલ પ્રાપ્ત કરેલ છે. તે પ્રશંસનીય કામગીરીની નોંધ લેવાનું નક્કી કરવામાં આવ્યુ તેમજ સૌ મહાનુભાવોએ સ્પર્ધામાં ગયેલ પ્રાધ્યાપક – વિદ્યાર્થીની ટીમને અભિનંદન પાઠવ્યા હતા.

१९.२७.२ – યુનિવર્સિટીના પીજીડીસીએ અભ્યાસક્રમમાં ૪(ચાર) ક્રેડીટનો સંસ્કૃતનો અભ્યાસક્રમ મુકવાનો નિર્ણય કરવામાં આવ્યો. જેના માટે એક કમિટીની નિમણુંક કરવામાં આવી જેમાં (૧) ડો.નરેન્દ્રકુમાર પંડયા (૨) ડો. કૃષ્ણપ્રસાદ નિરૌલા (૩) પ્રો.ડો.કમલેશકુમાર ચોકસી રહેશે. ઉકત કમિટીમાં અધ્યક્ષ સ્થાને ડો.નરેન્દ્રકુમાર પંડયા રહેશે જે અભ્યાસક્રમ, પરીક્ષાનું માળખું નિયત કરશે, તેમજ સદર અભ્યાસક્રમની પુસ્તિકા પણ તૈયાર કરશે. વિદ્યાર્થીઓને સદર પુસ્તિકા યુનિવર્સિટી દ્વારા નિયત થયેલ ફી વસુલી આપવાની રહેશે.

१९.२७.३ – યુનિવર્સિટીના પરીક્ષાના મુલ્યાંકનની કામગીરી ખૂબ ઝીણવટપૂર્વક થાય વિદ્યાર્થીઓને કોઈ પણ પ્રકારે અન્યાય ન થાય તે માટે વિદ્યાર્થીઓને રૂબરૂ પોતાની તેમજ અન્ય વિદ્યાર્થીની ઉત્તરવહી બતાવવાનો નિર્ણય કરવામાં આવ્યો. જે માટે પરીક્ષા દીઠ પરીણામ જાહેર થયેથી ૧ (એક) મહિનામાં ઉતરવહી દીઠ રૂા.૧૦૦/– અને મહત્તમ ઉત્તરવહી ૧૦ જોઈ શકાશે. આ માટે વિદ્યાર્થીએ નિયત કરેલ ફી ભર્યા બાદ પરીક્ષા નિયામકશ્રીની હાજરીમાં જયારે બોલાવે ત્યારે સ્વ–ખર્ચે હાજર રહેવાનું રહેશે. ૧(એક) ઉત્તરવહી જોવા માટે વધુમાં વધુ ૩૦ મીનીટનો સમય આપવામાં આવશે. તેમજ આર.ટી.આઈ. અંતર્ગત જે–તે વિદ્યાર્થીને તેની પોતાની ઉત્તરવહીની ઝેરોક્ષ નિયત ફી વસુલી આપવાનો નિર્ણય કરવામાં આવ્યો.

१९.२७.४ – શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીની ડીગ્રી ગુજરાત બહારના રાજયોની યુનિવર્સિટીઓમાં માન્યતા પ્રાપ્ત થાય તે માટે જરૂર જણાય ત્યાં જરૂરી પ્રક્રિયા કરી માન્યતા મેળવવાની કાર્યવાહી કરવાનું નક્કી કરવામાં આવ્યું.

Registrar
Shree somnath Sanskrit University
Veraval,Dist.Gir Somnath (Gujarat)

श्रीसोमनाथसंस्कृतविश्वविद्यालय, वेरावल एकेडेमिक काउन्सील बैठक की कार्यसूचि ।

श्रीसोमनाथसंस्कृतविश्वविद्यालयकी एकेडेमिक काउन्सीलकी २० वीं बैठक का आयोजन दिनांक २९-मई-२०१५ के दिन सुबह ११:३० बजे विश्वविद्यालय के कोन्फरन्स कक्षमें आयोजित की गई थी । इस बैठक में निम्नानुसार महानुभाव उपस्थित रहे थै ।

| संख्या | एकेडेमिक काउन्सील के सदस्यश्री |
|---|---|
| १ | मान.कुलपतिश्री-अध्यक्षश्री |
| २ | प्रो.डॉ.राजेश सी.व्यास |
| ३ | डॉ.मेहुलभाइ भोगीलाल शाह |
| ४ | डॉ.प्रज्ञाबेन जोषी |
| ५ | प्रो.डॉ.विनोदकुमार झा |
| ६ | श्री गोविंदभाइ पटेल |
| ७ | डॉ.ललित पटेल |
| ८ | डॉ.दशरथ जादव - का.कुलसचिव |

२०.२७ विश्वविद्यालय द्वारा N.R.I. विद्यार्थीओं के लिए खास डिप्लोमा इन संस्कृतभाषा और हिन्दु धर्मशास्त्र का अभ्यासक्रम प्रारम्भ करने की चर्चा-विचारणा की गई तथा विश्वविद्यालय द्वारा N.R.I. विद्यार्थी संस्कृत और संस्कृति तथा धर्मग्रन्थ और गुजराती भाषा का अध्ययन करें इसलिए डिप्लोमा इन संस्कृत भाषा और हिन्दुधर्मशास्त्र का अभ्यासक्रम २०१५-१६ से प्रारम्भ किया है उसके लिए मान. कुलपतिजीके द्वारा समिति गठित की गई थी जिन समितिने तैयार किये नियम एवं अभ्यासक्रम को अनुमति दी गई तथा सारंगपुर स्थित बी.ए.पी.एस. संस्कृत महाविद्यालय ने अभ्यासक्रम प्रारम्भ करने के लिए आवेदन किया है उसको ध्यानमें लेकर तथा सभी आवश्यक सुविधाओं को ध्यानमें लेकर सवनिर्भर केन्द्र की मान्यता दी गै है । उसको अनुमति दी गई तथा अन्य कोई संस्था प्रारम्भ करना चाहे तो नियमानुसार एल.आई.सी. करके स्वनिर्भर केन्द्र देने के लिए निर्णय लिया गया । सभी महानुभावोंने N.R.I. विद्यार्थी श्रीसोमनाथसंस्कृतविश्वविद्यालयका अभ्यास करेंगे तो विश्वविद्यालय का गौरव देश-विदेशमें बढेगा इस विषयमें लिए गए निर्णय की प्रशंसा की गई ।

Registrar
Shree somnath Sanskrit University
Veraval,Dist.Gir Somnath (Gujarat)

Exam - A.C. - 20

# શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ
## એકેડેમીક કાઉન્સિલ બેઠકની કાર્યનોંધ

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીની એકેડેમીક કાઉન્સિલની ૨૦મી બેઠકનું આયોજન તા.૨૯ મે, ૨૦૧૫ના રોજ બપોરે ૧૧:૩૦ કલાકે યુનિવર્સિટી કોન્ફરન્સ હોલ ખાતે આયોજિત કરવામાં આવેલ હતી. આ બેઠકમાં નીચે પ્રમાણેનાં મહાનુભાવો ઉપસ્થિત રહેલ હતા.

૧. માન.કુલપતિશ્રી–અધ્યક્ષશ્રી
૨. પ્રો. ડૉ.રાજેશ સી.વ્યાસ
૩. ડૉ. મેહુલભાઈ ભોગીલાલ શાહ
૪. ડૉ. પ્રજ્ઞાબેન જોષી
૫. પ્રો.ડૉ.વિનોદકુમાર ઝા
૬. શ્રી ગોવિંદભાઈ પટેલ
૭. ડૉ. લલીત પટેલ
૮. ડૉ.દશરથ જાદવ – કા.કુલસચિવ

૨૦.૦૧ સૌ પ્રથમ માનનીય કુલપતિશ્રી દ્વારા ઉપસ્થિત તમામ મહાનુભાવોનું સ્વાગત કરવામાં આવ્યુ હતું અને તા.૨૩/૦૧/૨૦૧૫ થી તા.૨૮/૦૫/૨૦૧૫ કરેલ કામગીરીથી મહાનુભાવોને અવગત કરવામાં આવ્યા.

૨૦.૦૨ હોસ્ટેલમાં વિદ્યાર્થી પ્રવેશ માટેના નિયત સમિતિ દ્વારા તૈયાર કરવામાં આવેલા નિયમોને બહાલી આપવામાં આવી.

૨૦.૦૩ યુનિવર્સિટી દ્વારા ચલાવવામાં આવતા અભ્યાસક્રમોમાં યુજીસીની ગાઈડ લાઈન પ્રમાણેની ગ્રેડીંગ સિસ્ટમ વાળી માર્કશીટ પરીક્ષા વિભાગ દ્વારા તૈયાર કરેલ તેને બહાલી આપવામાં આવી તેમજ હવે પછીથી આ પ્રમાણેની માર્કશીટ આપવાનું નક્કી કરવામાં આવ્યું.

૨૦.૦૪ માઈગ્રેશન ફી બાબતે મહાવિદ્યાલયોના પ્રધાનાચાર્યશ્રીઓની તથા બી.એડ.કોલેજના પ્રધાનાચાર્યશ્રીના પત્રની રજુઆતને ધ્યાને લેતા ચર્ચા વિચારણાને અંતે માઈગ્રેશન ફી પરીક્ષા ફી ની સાથે ન લેતાં વિદ્યાર્થીની માઈગ્રેશન મેળવવા બાબતની અરજી સાથે રૂ.૫૦/– (અંકે રૂપિયા પચાસ પૂરા) લેવાનું નકકી કરવામાં આવ્યું.

૨૦.૦૫ યુનિવર્સિટીની એપ્રિલ માસ દરમ્યાન યોજવામાં આવતી પરીક્ષાઓ ઉનાળામાં હોઈ પરીક્ષા કેન્દ્રનાં વિદ્યાર્થીઓને ઠંડુ પાણી મળે તે માટે પરીક્ષા કેન્દ્ર દીઠ ઠંડા પાણીની વ્યવસ્થા કરવાના હેતુથી ચર્ચા વિચારણાને અંતે રૂ.૨૦૦/– સુધીનો ખર્ચ માન્ય કરવાનો નિર્ણય કરવામાં આવ્યો.

૨૦.૦૬ શાસ્ત્રી/આચાર્ય પરીક્ષાઓના છેલ્લા સત્રની પરીક્ષામા બેસવાની પાત્રતા અંગે ફેર ચર્ચા વિચારણા કરતાં મહાવિદ્યાલયોમાં રાજય સરકારશ્રી તરફથી મળતી ગ્રાન્ટની નિતિને ધ્યાને લઈ વિદ્યાર્થીઓને શાસ્ત્રી કક્ષાનાં વિદ્યાર્થીઓને સેમેસ્ટર– ૧ થી ૬ સુધી અને આચાર્ય કક્ષાનાં વિદ્યાર્થીઓને સેમેસ્ટર –૧ થી ૪ સુધી પાસ હોય કે નાપાસ ક્રમશઃ પ્રવેશ આપવા અને પરીક્ષામાં બેસવા દેવા માટેનો નિર્ણય કરવામાં આવ્યો.

૨૦.૦૭ ડિગ્રી પ્રમાણપત્રની ફી બાબતે ચર્ચા વિચારણાને અંતે ડીગ્રી પ્રમણપત્ર ફી રૂ.૧૦૦/– નકકી કરવામાં આવી.

Registrar
Shree somnath Sanskrit University
Veraval,Dist.Gir Somnath (Gujarat)

૨૦.૦૮ શ્રેણી સુધારા માટેના ગ્રેસીંગના નિયમમાં ફેરફાર બાબતે અન્ય યુનિવર્સિટીનાં પાસીંગનાં તેમજ શ્રેણી સુધારા માટેનાં ગ્રેસીંગનાં નિયમો ધ્યાને લઈ કાયમી નિયમો બનાવવા માટે સમિતિની રચના કરવામાં આવી, જેમાં (૧) શ્રી મેહુલભાઈ ભટ્ટ (૨) પ્રા.રાજેશભાઈ વ્યાસ અને (૩) પરીક્ષા નિયામકશ્રી સભ્યો રહેશે. જેમાં પરીક્ષા નિયામકશ્રી સભ્ય સચિવની કામગીરી કરશે અને આ અંગેનાં નિયમો બનાવી આગામી ઈસી/એસીમાં ભલામણ અર્થે મુકશે એમ ઠરાવવામાં આવ્યુ.હાલ યુનિવર્સિટીનાં પ્રવર્તમાન નિયમો પ્રમાણે કાર્યવાહી કરવા નિર્ણય કરવામાં આવ્યો.

૨૦.૦૯ મોડરેશન પોલિસીનો અમલ કરવા બાબતે માન.કુલપતિશ્રી દ્વારા બનાવેલ સમિતિએ તૈયાર કરેલ મોડરેશનનાં નિયમોને બહાલી આપવામાં આવી.

૨૦.૧૦ યુનિવર્સિટીના યુવક મહોત્સવનાં આયોજન બાબતે મહાવિદ્યાલયના પ્રધાનાચાર્યશ્રી તથા વિદ્યાર્થીઓની રજુઆતને ધ્યાને લઈ આયોજન કરવા તેમજ તેને અમલીકરણ બનાવવા માટે સમિતિનું ગઠન કરવામાં આવ્યું, જે સમિતિ નિયમો બનાવી આગામી ઈસી/એસીમાં મુકશે.સમિતિનાં સભ્યો આ મુજબ છે (૧)કુલસચિવશ્રી–અધ્યક્ષશ્રી, (૨)શ્રી મેહુલભાઈ ભટ્ટ, (૩)ડો.નરેન્દ્રકુમાર એલ.પં[illegible]યા, (૪)ડો.હિતેન્દ્રભાઈ વ્યાસ, (૫) ડો.અમૃતલાલ ભોગાયતા (૬) શ્રી જયેશકુમાર મુંગેરા, (૭)ડો.લલિતભાઈ પટેલ (સભ્ય સચિવ)

૨૦.૧૧ પી.જી.ડી.સી.એ. અભ્યાસક્રમ માટેના તૈયાર થયેલ સંસ્કૃત પાઠ્યક્રમને બહાલી આપવામાં આવી, તથા સદર પાઠ્યક્રમને શૈક્ષણિક વર્ષ ૨૦૧૫–૧૬થી પ્રથમ સેમેસ્ટરમાં સમાવિષ્ટ કરવા નકકી કરવામાં આવ્યુ.

૨૦.૧૨ પીજીડીસીએ અભ્યાસક્રમમાં પ્રશ્નના પ્રારૂપની સમિતિ દ્વારા થયેલ ભલામણને આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૧૫–૧૬થી અમલમાં લાવવા બહાલી આપવામાં આવી.

૨૦.૧૩ યુનિવર્સિટીનાં સ્વનિર્ભર અભ્યાસક્રમ પીજીડીસીએ સ્ટડી સેન્ટરની રજુઆતને ધ્યાને લઈ અભ્યાસક્રમની ફી , પ્રાધ્યાપકનો પગાર, કલાર્કનો પગાર, વિદ્યાર્થીઓની પ્રવેશ ફી, જોડાણ ફી વગેરે આનુસંગિક બાબતો માટે પ્રવર્તમાન નિયમો સુધારા વધારા કરવા માટે સમિતિની રચના કરવામાં આવી. જેમાં (૧)ડો.કૃષ્ણપ્રસાદ નિરૌલા, (૨)ડો.નરેન્દ્રકુમાર એલ.પંડયા, (૩)શ્રી મેહુલભાઈ શાહ, (૪) ડો.દેવેન્દ્રનાથ પાંડેય, (૫)કુલસચિવશ્રી, (૬)મુખ્ય હિસાબી અધિકારી તથા (૭)પરીક્ષા નિયામકશ્રી રહેશે. સમિતિનાં સંકલનની કામગીરી કુલસચિવશ્રી કરશે એમ નિર્ણય કરવામાં આવ્યો.

૨૦.૧૪ પીજીડીસીએ અભ્યાસક્રમના કેન્દ્રો માટે ચાલુ જોડાણની એકેડેમિક વર્ષ ૨૦૧૫–૧૬ માટે સ્ટડી સેન્ટરોની એલ.આઈ.સી. કરી સમિતિની ભલામણના આધારે જોડાણ ચાલુ રાખવાનું નકકી કરવામાં આવ્યુ.

૨૦.૧૫ દિવ મારૂતિ એજયુકેશન એન્ડ મલ્ટીપર્પલ સોસાયટી, વણાંકબારા –દિવની અરજી બાબતે ચર્ચા વિચારણા કરી અગાઉ રાજય સરકારશ્રીને માર્ગદર્શન માટે પત્રવ્યવહાર કરેલ,પરંતુ પ્રત્યુત્તર મળેલ નથી,અન્ય યુનિવર્સિટી જેવીકે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનું જોડાણ પણ કેન્દ્ર શાશિતપ્રદેશ દિવમાં ચાલે છે. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીનું જોડાણ પણ કેન્દ્રશાશિત પ્રદેશ દમણમાં ચાલે છે.રાજય સરકારશ્રીની પીટીસી કોલેજનું જોડાણ પણ દિવમાં ચાલે છે. આ બાબતો ધ્યાને લઈ હાલ રાજય સરકારશ્રીને માર્ગદર્શન માટે પુનઃપત્ર લખવો, પત્રનો પ્રત્યુત્તર મળ્યેથી એલ.આઈ.સી.કરી સમિતિનાં સભ્યોની ભલામણને આધારે જોડાણ આપવાનું નકકી કરવામાં આવ્યું.

૨૦.૧૬ શાસ્ત્રી કોલેજ/ડિપ્લોમા કેન્દ્ર તથા પીજીડીસીએ અભ્યાસક્રમના કેન્દ્રો માટે નવા જોડાણની આવેલ અરજીઓ મુજબના કોલેજ/કેન્દ્રોની એલ.આઈ.સી.કરી સમિતિની ભલામણના આધારે જોડાણ આપવાની કાર્યવાહી કરવા નકકી કરવામાં આવ્યુ.

Registrar
Shree somnath Sanskrit University
Veraval,Dist.Gir Somnath (Gujarat)

A.C. 20મી બેઠક 29/5/2015

૨૦.૧૭ નવા કોપીકેસનાં નિયમો બાબતે માન.કુલપતિશ્રી દ્વારા બનાવેલ સમિતિએ તૈયાર કરેલ કોપીકેસના નિયમોને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

૨૦.૧૮ બાહ્યમાંથી નિયમિત તથા નિયમિત માંથી બાહ્ય અભ્યાસક્રમમાં પરીવર્તન કરવા બાબતે ચર્ચા વિચારણા કરી નકકી કરવામાં આવ્યુ કે યુનિવર્સિટી દ્વારા પરીક્ષાનું જાહેરનામું બહાર પાડયેથી નિયત સમયમાં આવેલ ફેરબદલીની અરજીઓને ધ્યાને લઈ પરીવર્તન કરવા માટે છુટછાટ આપવામાં આવી.

૨૦.૧૯ યુનિવર્સિટીના વિવિધ ડિપ્લોમાં અભ્યાસક્રમોમાં અધ્યાપન કરાવતાં અધ્યાપકોની શૈક્ષણિક લાયકાત તેમજ જરૂરી લાયકાત નકકી કરવા બાબતે એક સમિતિની રચના કરવાની માન.કુલપતિશ્રીને સત્તા આપવામાં આવી તેમજ સમિતિની રચના થયેથી સમિતિની ભલામણને આગામી ઈ.સી./એ.સી. મુકવાની તેમજ તે બાબતે આગામી ઈ.સી./એ.સી.માં ચર્ચા કરવાનું નકકી કરવામાં આવ્યું.

૨૦.૨૦ દ્વારકા ડિપ્લોમા અભ્યાસકેન્દ્રમાં ડિપ્લોમા ટેમ્પલ મેનેજમેન્ટ જુલાઈ–૨૦૧૪ની પરીક્ષામા થયેલ ગેરરીતી બાબતે ચર્ચા વિચારણા કરી થયેલ ગેરરીતીને ગંભીરતા પૂર્વક નોંધ લેવામાં આવી, તેમજ જે પરીક્ષાર્થીઓએ ગેરરીતી આચરેલ છે તેઓનું પરીણામ રદ કરવું તેમ નિર્ણય કરવામાં આવ્યો.જે વિદ્યાર્થીઓએ ગેરરીતી આચરેલ નથી તે વિદ્યાર્થીઓનું પરીણામ જાહેર કરવું. તેમજ સદર અભ્યાસકેન્દ્રની પરીક્ષા યુનિવર્સિટી સંલગ્ન દ્વારકા સ્થિત શ્રી શંકરાચાર્ય સંસ્કૃત મહાવિદ્યાલય ઉપર જ લેવાનુ નક્કી થયું તેમજ ગરિમાપૂર્ણ પરીક્ષા થાય તે માટે કેન્દ્રમાં સંચાલક પ્રધાનાચાર્યશ્રીને સહયોગ કરે તેમ નક્કી કરવામા આવ્યુ. સંચાલક દ્વારા સહયોગ આપવામાં નહી આવે અને ગેરરીતી આચરવામાં આવશે તો સદર અભ્યાસકેન્દ્ર બંધ કરવાની કાર્યવાહી કરવા સૂચવવામાં આવ્યું.

૨૦.૨૧ વિદ્યાર્થીઓને મેડલ આપવાની પોલીસી બનાવવા અંગે ચર્ચા વિચારણા કરી નીચે મુજબની પોલિસી તૈયાર કરવામાં આવી.

(૧)પરીક્ષા પ્રથમ પ્રયત્ને પાસ કરેલ હોવી જોઈએ.

(૨)પરીક્ષાના કોઈપણ હેડમાં પાસ થવા માટે ગ્રેસિંગ ગુણનો લાભ મળેલ ન હોવો જોઈએ.

(૩)પુનઃ સ્નાતક તેમજ પુનઃ અનુસ્નાતક તથા પુનઃ પરીક્ષા આપનાર વિદ્યાર્થી મેડલ મેળવવવાને પાત્ર નથી.

(૪)મેડલ આપવાની નિતિમાં તેમજ પ્રથમ/દ્વિતીય/તૃતીયની ગણતરીમાં બાહય વિદ્યાર્થીઓનો સમાવેશ કરવા નકકી કરવામાં આવ્યું.

(૫)વાર્ષિક પધ્ધતિથી(રેગ્યુલર/બાહ્ય) ચાલતા અભ્યાસક્રમના વિદ્યાર્થીઓને આઠમાં પદવીદાન મેડલની ગણતરીમાં સમાવેશ કરવા નકકી કરવામાં આવ્યુ.

૨૦.૨૨ નવા શૈક્ષણિક સત્રથી સંલગ્ન મહાવિદ્યાલયોની નિયત ફી રૂ.૫૦૦૦/– લઈ એક વર્ષની માન્યતા આપવા બાબતને બહાલી આપવામાં આવી.

૨૦.૨૩ અથર્વવેદનો સેમિનાર કરવા બાબતે ચર્ચા વિચારણાને અંતે નકકી કરવામાં આવ્યું કે માન.કુલપતિશ્રી દ્વારા અથર્વવેદ અંગેનો સેમિનાર નડીયાદ ખાતે તા.૧૦–૧૧ જૂન, ૨૦૧૫ નાં રોજ રાખવામાં આવેલ છે, જે શ્રી બ્રહ્મર્ષિ સંસ્કૃત મહાવિદ્યાલય,નડીયાદ અને શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીનાં સંયુકત ઉપક્રમે રાખવા નકકી કરવામાં આવ્યુ.

૨૦.૨૪ પીએચ.ડી.ના માર્ગદર્શકની માન્યતા આપવા માટે સમિતિ દ્વારા કરવામાં આવેલ ભલામણને માન્ય રાખી ડો.પંકજકુમાર એસ.રાવલ,વેરાવળ તેમજ ડો.ક્ષિતિશ્વરનાથ પાંડેય,નડીયાદને પીએચ.ડી.નાં માર્ગદર્શક તરીકેની માન્યતા આપવાનો નિર્ણય કરવામાં આવ્યો.



Registrar
Shree somnath Sanskrit University
Veraval,Dist.Gir Somnath (Gujarat)

૨૦.૨૫ ઉત્તરપ્રદેશ રાજયની સંસ્થાઓ તરફથી આવેલ વિવિધ અરજીઓને ધ્યાને લેતા ચર્ચા–વિચારણાના અંતે સમિતિનાં રીપોર્ટ અને કરેલ ભલામણને આધારે નીચેની ૦૪(ચાર) સંસ્થાઓની ડીગ્રી ધો.૧૨ સમકક્ષ ગણી કોલેજમાં પ્રવેશ આપવો એમ નકકી કરવામાં આવ્યું.

(૧) રાજકીય મુકત વિદ્યાલય શિક્ષાસંસ્થાન,લખનૌ, ઉત્તરપ્રદેશ. – (ઈન્ટરમીડીયેટ)

(૨) રાજય મદરેસા શિક્ષા બોર્ડ,લખનૌ,ઉત્તરપ્રદેશ. – (આલીમ/માહિર ઈન્ટરમીડીયેટ)

(૩) જામીયા ઉર્દુ, અલીગઢ. – (આદિબ–એ–માહિર) Adeeb-e-Mahir (XII Standard)

(૪) કેન્દ્રીય મુકત વિદ્યાલય શિક્ષાસંસ્થા,લખનૌ,ઉત્તરપ્રદેશ. – ઉચ્ચ માધ્યમિક (Senior Secondary)

૨૦.૨૬ આગામી સમયમાં આવનાર તા.૨૧ જૂન,૨૦૧૫નાં રોજ વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવા બાબતે યુનિવર્સિટી દ્વારા આ દિવસે ગરીમાપૂર્ણ કાર્યક્રમ થાય તેવો નિર્ણય કરવામાં આવ્યો.

૨૦.૨૭ યુનિવર્સિટી દ્વારા N.R.I. વિદ્યાર્થીઓ માટે ખાસ "ડિપ્લોમા ઈન સંસ્કૃત ભાષા અને હિન્દુધર્મ શાસ્ત્ર" નો અભ્યાસક્રમ શરૂ કરવા બાબતે ચર્ચા વિચારણા કરવામાં આવી તેમજ યુનિવર્સિટી દ્વારા N.R.I. વિદ્યાર્થીઓ સંસ્કૃત અને સંસ્કૃતિનો તથા ધર્મગ્રંથો અને ગુજરાત ભાષાનો અભ્યાસ કરે તે માટે "ડિપ્લોમા ઈન સંસ્કૃત ભાષા અને હિન્દુધર્મશાસ્ત્ર" નો અભ્યાસક્રમ ૨૦૧૫–૧૬ થી શરૂ છે તેના માટે માન.કુલપતિશ્રી દ્વારા સમિતિ બનાવેલ જે સમિતિએ તૈયાર કરેલ નિયમો અને અભ્યાસક્રમને બહાલી આપવામાં આવી. તેમજ સારંગપુર સ્થિત બી.એ.પી.એસ.સંસ્કૃત મહાવિદ્યાલયને અભ્યાસક્રમ શરૂ કરવા માટે કરેલ અરજીને ધ્યાને લઈને તેમજ જરૂરી સુવિધાને ધ્યાને લઈ સ્વનિર્ભર કેન્દ્રની માન્યતા આપવામાં આવી તેને બહાલી આપવામાં આવી. તેમજ અન્ય કોઈ સંસ્થા શરૂ કરવા માંગતી હોયતો નિયમાનુસારની એલ.આઈ.સી.કરી સ્વનિર્ભર કેન્દ્ર આપવા અંગે નિર્ણય કરવામાં આવ્યો. સૌ મહાનુભાવોએ N.R.I. વિદ્યાર્થીઓ સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીનો અભ્યાસ કરશે તો યુનિવર્સિટીનું ગૌરવ દેશ–વિદેશમાં વધશે એ બાબતે લીધેલ નિર્ણયની પ્રસંશા કરવામાં આવી.

૨૦.૨૮ યુ.જી.સી.નાં ઈ–પ્રોજેકટ બાબતે યુ.જી.સી., દિલ્લી ખાતે માન.કુલપતિશ્રી તેમજ પ્રો.વિનોદકુમાર ઝા તૈયાર કરેલ દરખાસ્ત (પ્રપોઝલ) સાથે તા.૨૫/૦૫/૨૦૧૫નાં રોજ બેઠક કરેલ છે.યુ.જી.સી. દ્વારા સોંપવામાં આવે તે ઈ–પ્રોજેકટની કામગીરી કરવી તેમ નકકી કરવામાં આવ્યું.

૨૦.૨૯ અખિલ ભારતીય વિદ્યાભારતી સાથે યુનિવર્સિટીએ એમ.ઓ.યુ. કરેલ છે. જે અંતર્ગત અન્ય રાજ્યોમાં ડિપ્લોમા કેન્દ્ર શરૂ કરવા અંગે તેમજ ફી બાબતે ચર્ચા વિચારણાને અંતે નકકી કરવામાં આવ્યું કે યુનિવર્સિટી સાથ એમ.ઓ.યુ. થયેલ હોઈ, વૈદિક ગણિત અભ્યાસક્રમ તેઓની સંસ્થામાં વિદ્યાભારતી અંતર્ગત ચાલતી શાળાઓમાં શરૂ કરવા માટેની દરખાસ્ત (પ્રપોઝલ) મળેલ હોઈ, તેઓને વૈદિક ગણિત અભ્યાસક્રમની માન્યતા એલ.આઈ.સી. રિપોર્ટને આધારે આપવાનું નકકી કરવામાં આવ્યું. તેમજ એક જ સંસ્થાની વિવિધ શાળાઓમાંથી જે તે શાળા અભ્યાસક્રમની માન્યતા મેળવવા માટેની અરજી કરે ત્યારે એલ.આઈ.સી.ની ફી રૂા.૩૦૦૦/– લેવાનું નકકી કરવામાં આવ્યું.

૨૦.૩૦ શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી અને આઈ.એફ.પી. વચ્ચે થયેલ એમ.ઓ.યુ.અનુસાર તૈયાર થયેલ ગ્રંથનો પ્રથમ ભાગ પ્રકાશિત કરવા બહાલી આપવામાં આવી.

૨૦.૩૧ પીએચ.ડી.ના નિયમાવલીમાં આંશિક સુધારા–વધારા બાબતે ચર્ચા વિચારણા કરતાં પીએચ.ડી.નાં નિયત થયેલ નિયમોને સૂચવ્યા મુજબનાં આંશિક સુધારા–વધારા જેવા કે, (૧)પી.એચ.ડી થીસીસમાં શોધાર્થી પાસેથી કોર્ષ વર્કનું સર્ટીફીકેટ જોડાવવું (૨)પી.એચ.ડી થીસીસમાં શોધાર્થી પાસેથી રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ જોડાવવું (૩)પી.એચ.ડી રજીસ્ટ્રેશન થયેથી શોધાર્થીને રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ આપવું જેમાં તેનુ નામ, શીર્ષક રજીસ્ટ્રેશન નંબર અને તારીખનો સમાવેશ કરવાનું નકકી કરવામાં આવ્યું.

Registrar
Shree somnath Sanskrit University
Veraval,Dist.Gir Somnath (Gujarat)

૨૦.૩૨ યુનિવર્સિટી પ્રકાશનનાં નિયમો અંગે અન્ય ગુજરાત રાજ્યની યુનિવર્સિટીનાં પ્રકાશનનાં નિયમો મેળવી માન.કુલપતિશ્રી દ્વારા સમિતિ બનાવીને સમિતિની ભલામણને આધારે જરૂરી સુધારા વધારા માટે આગામી એક.સી/ઈસીમાં મૂકવા નકકી કરવામાં આવ્યું.

૨૦.૩૩ યુનિવર્સિટીમાં ગ્રન્થ પ્રકાશન બાબતે નીચે મુજબનાં પ્રકાશિત થનાર ગ્રન્થ તેમજ ખર્ચને બહાલી આપવામાં આવી.

| ક્રમનં. | ગ્રન્થનુંનામ | અંદાજીત ખર્ચ રકમરૂા. |
|---|---|---|
| ૧. | वैयाकरणसिध्धांतभूषणसारः | 1,45,000/- |
| ૨. | वैयाकरणसिध्धांतभूषणम् (M.O.U.) | 2,00,000/- |
| ૩. | काव्यालक्षणम् | 40,000/- |
| ૪. | छन्दःशास्त्र से विकल्पगणित का विकास | 1,25,000/- |
| | કુલ રકમ | 5,10,000/- |

૨૦.૩૪ પીએચ.ડી.નાં પ્રિ–વાઈવા અંગે ચર્ચા વિચારણા કરતાં ગુજરાત રાજ્યની અન્ય તમામ યુનિવર્સિટીઓનાં પીએચ.ડી.નાં નિયમોમાં પ્રિ–વાઈવા અંગેની જોગવાઈ છે કે કેમ? તેની જાણકારી મેળવી આ બાબત આગામી ઈસી/એસીમાં મુકવાનો નિર્ણય કરવામાં આવ્યો તેમજ હાલ યુનિવર્સિટીનાં પ્રવર્તમાન પીએચ.ડી. નિયમો મુજબ કાર્યવાહી કરવી એમ નકકી કરવામાં આવ્યુ.

૨૦.૩૫ મહાનુભાવોના સુચનો :

<u>૨૦.૩૫.૧</u> મહાવિદ્યાલયનાં અધ્યાપક મંડળનાં પ્રમુખ દ્વારા યુનિવર્સિટીના અભ્યાસક્રમ સંદર્ભગ્રંથ બાબતે તેમજ શાસ્ત્રી અભ્યાસક્રમનાં માધ્યમ બાબતે ચર્ચા કરવામાં આવતાં સદર બાબતને આગામી ફેકલ્ટી અને એસીમાં એજન્ડામાં મુકવી અને ચર્ચા વિચારણા કરવા નિર્ણય કરવામાં આવ્યો.

<u>૨૦.૩૫.૨</u> પર્યાવરણનાં અભ્યાસક્રમ બાબતે ચર્ચા કરતાં યુ.જી.સી.દ્વારા પર્યાવરણનો અભ્યાસક્રમ ફરજીયાત કરેલ હોઈ, એ માટે બનાવેલ સમિતિ પાસેથી શૈક્ષણિક વર્ષ ૨૦૧૫–૧૬ ના અભ્યાસક્રમ/ રિપોર્ટ લઈ તેનો અમલ કરવા નકકી કરવામાં આવ્યું.

૨૦.૩૬ અધ્યક્ષ સ્થાનેથી :

<u>૨૦.૩૬.૧</u> યુનિવર્સિટીમા તૈયાર થઈ રહેલ ભવનોમાં નવનિર્મિત શૈક્ષણિક ભવનનું લોકાર્પણ ગુજરાત રાજ્યનાં માન.મુખ્યમંત્રીશ્રીનાં વરદ હસ્તે થનાર હોઈ, સમગ્ર કાર્યક્રમનું ગરિમાપૂર્ણ આયોજન કરવાનું નકકી કરવામાં આવ્યું તેમજ સત્તામંડળનાં તમામ સભ્યશ્રીઓ મહાવિદ્યાલયના આચાર્યશ્રીઓ,પીજીડીસીએ અભ્યાસકેન્દ્રના કો–ઓર્ડિનેટરશ્રીઓ તમામને યુનિવર્સિટી દ્વારા આમંત્રણ પાઠવવા નકકી કરવામાં આવ્યું.

બેઠકના અંતે માન.કુલપતિશ્રીએ તેમજ કુલસચિવશ્રીએ સર્વે મહાનુભાવોનો આભાર વ્યકત કર્યો હતો.

(ડૉ.દશરથ જાદવ)
કા.કુલસચિવ

Registrar
Shree somnath Sanskrit University
Veraval,Dist.Gir Somnath (Gujarat)